RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 201* Date: 12.05.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

ઉદ્ધવ વિરુદ્ધ શિંદેની શિવસેનાના મામલો

## ઉદ્ધવે રાજીનામુ ના આપ્યું હોત તો સરકાર યથાવત્ રાખી શકાત હવે ૭ જજની બેન્ચ સુનાવણી કરશે : સુપ્રીમ કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૧

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ એકનાથ શિંદે મામલે આજે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો. મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે સરકાર પર છવાયેલા વાદળો હટી ગયા છે. સુપ્રીમ કોર્ટે જો કે એકનાથ શિંદે સહિત ૧૬ ધારાસભ્યોની અયોગ્યતા પર હાલ કોઈ નિર્ણય આપ્યો નથી અને કહ્યું કે આ કેસમાં હજુ વધાર વિચાર કરવાની જરૂર છે. આ સાથે જ કોર્ટે નેબામ રેબિયા કેસને વિચાર માટે ૭ જજોની મોટી બેન્ચ સમક્ષ મોકલી દીધો છે. જેને આધાર માનતા આ કેસ પર વિચાર થઈ રહ્યો હતો. બંધારણીય બેન્ચે કહ્યું કે અરુણાચલનો નેબામ રેબિયા કેસ અલગ હતો અને તેને ધ્યાનમાં રાખીને આ કેસમાં વિચાર થઈ શકે નહીં. અત્રે જણાવવાનું કે મહારાષ્ટ્રમાં જૂન ૨૦૨૨માં એકનાથ શિંદેના બળવા બાદ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી મહાવિકાસ આઘાડી સરકાર પડી ગઈ હતી. ત્યારબાદ એકનાથ શિંદેએ બળવાખોર ધારાસભ્યો અને ભાજપના સમર્થનથી સરકાર બનાવી હતી. કોર્ટે એમ પણ કહ્યું કે પાર્ટીમાં તૂટ હોવા પર કોઈ જૂથ અયોગ્યતાની કાર્યવાહીથી એ આધારે ન બચી શકે કે તે જ અસલ પાર્ટી છે. બંધારણીય સંશોધન બાદ પાર્ટીમાં તૂટ થવા પર સંખ્યાબળનો હવાલો આપીને અયોગ્યતાથી બચી શકાય નહીં. આ નિર્ણયથી શિંદે સરકાર પર કોઈ અસર થશે નહીં.

જો કે કોર્ટની એક ટિપ્પણી એકનાથ શિંદે જૂથને પરેશાન કરનારી છે. કોર્ટે કહ્યું કે વિધાનસભામાં વિશ્વાસ મતના પ્રસ્તાવ પર મતદાન દરમિયાન શિંદે જૂથના ભારત ગોગાવાલેને શિવસેનાનો ચીફ વ્હીપ બનાવવા એ ગેરકાયદેસર હતું. કોર્ટે રાજ્યપાલ તરફથી ફ્લોર ટેસ્ટ કરાવવાના નિર્ણય ઉપર પણ સવાલ ઉઠાવ્યો. કોર્ટે કહ્યું કે શિવસેનામાં વિવાદ આંતરિક કલેહ હતો અને તેને પહોંચી વળવા માટે ફ્લોર ટેસ્ટ કરાવવો યોગ્ય નહતો. ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેન્ચે કહ્યું કે આંતરિક કલેહ વિશ્વાસ મત માટેનો યોગ્ય આધાર નહતો. ફ્લોર ટેસ્ટ તો નિયમોના આધાર પર જ થવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે વિધાનસભા સ્પીકરએ એને જ શિવસેનાના વ્હીપ માનવા જેવા હતા જેને પાર્ટીએ અધિકૃત રીતે જાહેર કર્યા હતા. બેન્ચે કહ્યું કે સ્પીકરને ખબર હતી કે બે જૂથ છે. પરંતુ તેમણે પોતાની પસંદના વ્હીપને માન્યતા આપી. તેમણે અધિકૃત રીતે જાહેર કરાયેલા વ્હીપને જ માન્યતા આપવાની હતી. આ રીતે સુપ્રીમ કોર્ટે વ્હીપને લઈને કરેલી ટિપ્પણી એકનાથ શિંદે સરકારને પરેશાન કરનારી છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે હવે નવા વ્હીપની પસંદગી સ્પીકર દ્વારા તપાસ બાદ કરાશે. આ નિર્ણય ચૂંટણી પંચ અને વિધાનસભાના સ્પીકર કરી શકે છે. કોર્ટે એમ પણ કહ્યું કે કોણ અસલ શિવસેના અને કોણ નકલી તેના ઉપર પણ ચૂંટણી પંચ જ વિચાર કરશે. ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેન્ચે કહ્યું કે પાર્ટીને લઈને નિર્ણય થયા બાદ જ વિધાયકોની યોગ્યતા અંગે નિર્ણય કરાશે. જે પ્રકારે મામલો મોટી બેન્ચને મોકલવામાં આવ્યો છે તેનાથી સ્પષ્ટ છે કે આ કેસ હવે લાંબો ખેંચાશે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં એકનાથ શિંદે સરકારના ગેરકાયદેસર કે કાયદેસર હોવા અંગે કોઈ વાત કરી નથી. પરંતુ ૨૦૧૬માં અપાયેલા નેબામ રેબિયા કેસનો ઉલ્લેખ કરતા ૫ જજોની પેનલે કહ્યું કે એ સ્પીકર કે જેના વિરુદ્ધ પ્રસ્તાવ આવ્યો હોય તે સભ્યોની યોગ્યતા પર નિર્ણય કરી શકે નહીં. કોર્ટે કહ્યું કે આ કેસને હવે મોટી બેન્ચ સમક્ષ મોકલવામાં આવશે. સ્પષ્ટ છે કે આ કેસની સુનાવણી હવે ૭ જજોની બેન્ચ કરશે. જેનો અર્થ એ થયો કે એકનાથ શિંદે સરકાર પર કોઈ જોખમ નથી અને સુપ્રીમ કોર્ટની મોટી બેન્ચને સુનાવણીમાં લાંબો સમય લાગશે. આમ જોઈએ તો સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ઉદ્ધવ ઠાકરે જૂથ માટે મોટા ઝટકા સમાન કહી શકાય.

અત્રે જણાવવાનું કે ૨૦૨૨ની મહારાષ્ટ્રની રાજકીય કટોકટી અંગે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથની દ્વિપક્ષીય અરજીઓ પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો. બંધારણીય બેંચમાં જસ્ટિસ એમ.આર. શાહ, જસ્ટિસ કૃષ્ણ મુરારી, જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ પી.એસ. નરસિંહનો પણ સમાવેશ થાય છે. બેન્ચે સંબંધિત અરજીઓ પર સુનાવણી પૂર્ણ કર્યા બાદ ૧૬ માર્ચ, ૨૦૨૩ના રોજ પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. આ કેસની અંતિમ સુનાવણી ૨૧ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી અને ૯ દિવસ સુધી બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રમાં ગત વર્ષ જૂનમાં એકનાથ શિંદે જૂથે બળવો પોકાર્યો હતો. ત્યારબાદ ઉદ્ધવ ઠાકરે સરકાર પડી ગઈ હતી. શિંદેએ શિવસેનાના બળવાખોર ધારાસભ્યો સાથે ભાજપના સમર્થનથી સરકાર બનાવી. ત્યારબાદ ઉદ્ધવ ઠાકરે જૂથના અનેક નેતા શિંદે જૂથમાં સામેલ થઈ ચૂક્યા છે. જ્યારે લાંબી ઉથલપાથલ બાદ શિવસેનાના નામ અને પાર્ટીના સિંબોલ ઉપર હકને લઈને ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે વચ્ચે તનાતની ચાલુ હતી. ચૂંટણી પંચે આ મુદ્દે એકનાથ શિંદે જૂથને શિવસેનાનું પ્રતીક તીર કમાન સોંપી દીધુ હતું.

જૂનમાં શરૂ થયેલી રાજકીય ઉથલપાથલ બાદ એક પછી એક સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ દાખલ કરવામાં આવી. જ્યાં શિંદે જૂથના ૧૬ વિધાયકોએ સદસ્યતાને રદ કરવાના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા, ત્યાં ઉદ્ધવ જૂથે ડેપ્યુટી સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસના પ્રસ્તાવ પર રાજ્યપાલના શિંદેને સીએમ બનાવવાના આમંત્રણ આપવા અને ફ્લોર ટેસ્ટ કરાવવાના નિર્ણય વિરુદ્ધ અરજી દાખલ કરી. એટલું જ નહીં ઉદ્ધવ જૂથે શિંદે જૂથને વિધાનસભા અને લોકસભામાં માન્યતા આપવાના નિર્ણયને પણ પડકાર્યો છે. સુપ્રીમ કોર્ટમાં છેલ્લી સુનાવણી દરમિયાન ઉદ્ધવ જૂથના વકીલ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટને તત્કાલિન રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના જૂન ૨૦૨૨ના આદેશને રદ કરવાની ભલામણ કરી હતી. જેમાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને વિધાનસભામાં બહુમત સાબિત કરવાનું કહેવાયું હતું. સિબ્બલે કહ્યું કે જો આમ ન થયું તો લોકતંત્ર ખતરામાં પડશે. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના નિર્ણય પર સવાલ ઉઠાવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે રાજ્યપાલે આ ક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઈએ નહીં જ્યાં તેમની કાર્યવાહીથી એક વિશેષ પરિણામ નીકળે. સવાલ એ છે કે શું રાજ્યપાલ ફક્ત એટલા માટે સરકાર પાડી શકે કારણ કે કોઈ વિધાયકે કહ્યું કે તેમના જીવન અને સંપત્તિને જોખમ છે? શું વિશ્વાસનો મત બોલાવવા માટે કોઈ બંધારણીય સંકટ હતું? લોકતંત્રમાં આ એક દુખદ તસવીર છે. સુરક્ષા માટે ખતરો વિશ્વાસ મતનો આધાર બની શકે નહીં. તેમણે આ રીતે વિશ્વાસ મત નહતો બોલાવવો જોઈતો.

## લૂની લપેટમાં ૯૦ ટકા ગુજરાતઃદેશનાં સૌથી ગરમ ૧૦ શહેરમાં ૮ ગુજરાતનાં, હજુ પાંચ દિવસ તાપમાન ઊંચું રહેશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૧


બુધવારે પાટણ અને મહારાષ્ટ્રનું જલગાંવમાં દેશમાં સૌથી વધુ ૪૪.૬ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. જ્યારે ગુજરાતના ૧૦થી વધુ શહેરોમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. આગામી ચારથી પાંચ દિવસમાં રાજ્યભરમાં ગરમીનું જોર યથાવત રહેશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર-મધ્ય ગુજરાતના વિવિધ વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૪થી ૪૫ ડિગ્રીએ પહોંચી શકે છે. ત્યારે મહત્ત્વની વાત એ છે કે, બુધવારે દેશમાં સૌથી ગરમ સાબિતત થયેલા ૧૦ શહેરોમાંથી ૮ શહેરો ગુજરાતના છે. તેમાંય પ્રથમ પાંચ ગરમ શહેરોમાં પ્રથમ ક્રમે જલગાંવ અને પાટણ- ૪૪.૬, બીજા ક્રમે- જુનાગઢ- ૪૪.૨, ત્રીજા ક્રમે વલ્લભ વિધાનગર- ૪૪.૧ અને ચોથા ક્રમે રાજસ્થાનના બાડમેરમાં ૪૩.૯ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. દેશના સૌથી ૧૦ ગરમ શહેરોમાંથી મહારાષ્ટ્રનું ૧, રાજસ્થાનનું ૧ અને મધ્યપ્રદેશના ૧ શહેરનો સમાવેશ થાય છે. જ્યારે સૌથી ગરમ ગુજરાતના શહેરોમાં પાટણ, જુનાગઢ, વલ્લભ વિધાનગર, રાજકોટ, છોટાઉદેપુર, અમરેલી, અમદાવાદ અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે.વાતાવરણના ઉપરના સ્તરે હવાના ઊંચા દબાણને લીધે એન્ટી સાયક્લોનિક સરક્યુલેશન રચાયું છે, જેને કારણે રણ-સૂકા પ્રદેશના ઉત્તર-પશ્ચિમના ગરમ પવનો ખેંચાઇને બંગાળની ખાડીમાં જાય છે. જેને કારણે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં તાપમાન વધ્યું છે.

## ટીંટોડા ગામના બોપલા તળાવનું રીસ્ટોરેશન કરાશે, MLA અલ્પેશજી ઠાકોર, ચેરમેન જશવંતભાઈ પટેલ અને કલેક્ટરશ્રી હિતેષ કોયાના હસ્તે ખાતમૂહુર્ત

ગાંધીનગર,

ગાંધીનગરના ટીંટોડા ગામમાં આવેલા બોપલા તળાવની જૈવ વિવિધતા જળવાઈ રહે અને તેનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી આ તળાવનું રીસ્ટોરેશન કરવામાં આવી રહ્યું છે. જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડિયા લિમિટેડના સહયોગથી આ તળાવના રીસ્ટોરેશનની કામગીરી કરવામાં આવી છે. આ તળાવના રીસ્ટોરેશન થતા ૧૦ એકર વિસ્તારમાં ૧૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થઈ શકશે. આ જળાશયથી આસપાસનો વિસ્તાર ફરી હરિયાળો બની શકશે.

ગાંધીનગર-દક્ષિણના ધારાસભ્યશ્રી અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ અને ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી હિતેશભાઈ



કોયાના પ્રયાસોથી આ પુનઃસ્થાપન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે.

આ તળાવને મનોરંજનના કેન્દ્ર તરીકે વિકસાવીને સુશોભિત કરવામાં આવશે. તળાવની અંદરના ત્રણ ટાપુઓ પર ૧૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. જેના માટે આ વિસ્તારની મૂળ જૈવવિવિધતાને પુનઃસ્થાપિત કરવા અને પક્ષીઓ, મધમાખીઓ, પતંગિયાઓ, જંતુઓને આકર્ષિત કરવા તેમજ વરસાદમાં વધારો કરવા માટે સંપૂર્ણ વસવાટ બનાવવાના માપદંડો પર છોડની પસંદગી કરવામાં આવી છે. આ સાથે વાંસનું વાવેતર પણ કરવામાંઆવશે જે વાતાવરણમાં વધુ ઓક્સિજન છોડવામાં મદદરૂપ થશે તથા તળાવની મદદથી ભૂગર્ભ જળના સ્તરમાં વધારો કરવામાં આવશે. તળાવની આજુબાજુ એક પાથવે પણ બનાવવામાં આવશે અને તેની પાળને વેટીવર ગ્રાસની મદદથી બ્યુટિફાઇડ કરવામાં આવશે. જેથી તળાવની શુદ્ધી જળવાઈ રહેશે અને તેની પાળની મદદ મળી રહેશે. આ કામગીરી માટે જેડ બ્લૂ તરફથી અંદાજે ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.



આજરોજ શ્રી જોધ માતાજીની મૂર્તિ પ્રતિષ્ઠા તેમજ શ્રી જોધ વિસત મેલડી સધી માતાજી તથા નારસંગા વીર જીના નૂતન મંદિરમાં ફોટો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રાંધેજા ખાતે યોજાયો. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરીને સૌની સુખ, સમૃદ્ધિ, પ્રગતિ, સુખાકારીની મંગલ કામના કરી. આ વેળાએ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, મહાનગરપાલિકાના ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી રુચિરભાઈ ભટ્ટ, મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, કાઉન્સિલરશ્રીઓ, વોર્ડ પ્રમુખશ્રી તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



રાય યુનિવર્સિટીના સ્થાપક દિવસ નિમિત્તે, રાય યુનિવર્સિટીએ તેમના સ્વર્ગસ્થ સ્થાપક અધ્યક્ષ શ્રીમતી સાધના રાયજીની જન્મજયંતિની ઉજવણી કરી. તેમની ઉજવણીના ભાગરૂપે, યુનિવર્સિટીએ સુવર્ણ સંધ્યા વૃદ્ધાશ્રમમાં ખાદ્ય સામગ્રી, કુલર, પંખા અને ઘરનાં ઉપકરણોનું દાન કર્યું હતું. ચેરિટીનું કાર્ય તેમના સ્થાપકની પરોપકારી ભાવનાને શ્રદ્ધાંજલિ હતી, જેઓ સમુદાયને પાછું આપવામાં માનતા હતા. દાનનો ઉદ્દેશ્ય આ પડકારજનક સમયમાં પૂરા કરવા માટે સંઘર્ષ કરી રહેલા લોકોને ટેકો પૂરો પાડવાનો છે.

## શિક્ષણની સાથે પરંપરાગત રમતો રમાડતાં કુંભણ કેન્દ્રવર્તી શાળાના ઈનોવેટિવ શિક્ષક દંપતી રમેશભાઈ બારડ અને શીતલબેન ભટ્ટી



બાળકોના સર્વાંગી વિકાસ માટે ભણતરની સાથે રમતોનું જ્ઞાન પણ ખૂબ જરૂરી છે મહુવા તાલુકાના ઈનોવેટિવ શિક્ષક દંપતિ રમેશભાઈ બારડ અને શીતલબેન ભટ્ટી એ પરંપરાગત રમતોની યાદી તૈયાર કરી છે. પોતાના શૈક્ષણિક પ્રયોગોની વાત કરતાં ઈનોવેટિવ દંપતી જણાવે છે કે પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણનો સમય બાળમાનસના વિકાસમાં ખુબ અગત્યનો ગાળો છે. આ સમયમાં જે બાળકોને ખુલ્લા મેદાનમાં દોડ ધામ કરવાની અને ધીંગામસ્તી કરવાની તક મળે છે. બાળકો કોઈ પણ રમતના નિયમો આ ઉંમરે ખુબ ઝડપથી શીખી જાય છે. જે બાળકો ખુલ્લા મેદાનમાં રમે છે તેમની આંખની દ્રષ્ટી પણ સરસ હોય છે. આ બાળકો દુર સુધી જોઈ શકે છે. આવાં બાળકોને રમત રમવાથી આનંદની અનુભૂતિ થાય છે. રમત-ગમતએ શારીરિક ગતિવિધિ છે. જે પ્રતિયોગી સ્વભાવના કૌશલ વિકાસમાં મદદ કરે છે. રમત દ્વારા વ્યક્તિની શારીરિક, માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહિત કરે છે. રમત મનુષ્યના કાર્ય કરવાની રીતમાં ગતિ અને સક્રિયતા લાવે છે. તેમજ બાળકમાં એકાગ્રતા, મનની શક્તિ અને ઉર્જાનું સ્તર વધારે છે.રમત બાળકોમાં ત્વરિત નિર્ણયશક્તિ, સ્મરણશક્તિ, સમયનું મહત્વ તેમજ એકાગ્રતા જેવા ગુણોનું સિંચન કરે છે. માત્ર ચાર દિવાલોમાં રહેતા અને મોબાઈલ સ્ક્રીન વચ્ચે મોટા થતા બાળકોની આંખો પણ નબળી રહે છે. મેદાનોમાં રમાતી રમતોમાં ક્યારેક હાર તો ક્યારેક જીત જેવી પરિસ્થિતિ જીવન પ્રત્યે તેમને હંમેશા હકારાત્મક રહેવું જેવા ગુણો શીખવે છે.મહુવા તાલુકાની કુંભણ સરકારી પ્રાથમિક શાળામાં આ દંપતીએ અનેક એજ્યુકેશનલ ટુલ્સ બનાવ્યા છે.

## બીજા માટે જીવવું - સંત રાજીન્દર સિંહજી મહારાજ (સાવન કૃપાલ રૂહાની મિશન)

ઘણીવાર આપણે બધાએ સાંભળ્યું હશે કે દરેક ધર્મગ્રંથ બીજાની ભલાઈ માટે પોતાના ત્યાગની પ્રેરણા આપે છે. વિભિન્ન ધર્મમાં એવી કવિતા અથવા વાર્તા આવે છે કે જે આપણને બતાવે છે કે કેવી રીતે પ્રભુની કૃપાદ્રષ્ટિ ઈન્સાન પર થાય છે જેને જરૂરતના સમયમાં કોઈ બીજાની મદદ કરી હતી. મદદ કરવા વાળો કોઈ સંત અથવા મહાત્મા ન પણ હોય પરંતુ જો તેના કોઈ ઉત્તમ કાર્યથી બીજાઓને આરામ પહોંચે છે તો પ્રભુની નજરમાં તેની શોભા વધી જાય છે. સંતો-મહાપુરુષો ના અનુસાર સેવા આપણા જીવનના સૌથી મહાન કાર્યોમાંથી એક છે. પરંતુ આવું બહુ ઓછું થાય છે કે એક સામાન્ય માણસને કોઈ બીજા ને બચાવવા માટે પોતાના જીવનનો ત્યાગ નો નિર્ણય લેવો પડે. આપણા દૈનિક જીવનમાં એવી બહુ તકો આવે છે જ્યારે આપણે કોઈ બીજાની સહાયતા પોતાના સમય, ધન, સાધન અથવા પોતાની પ્રતિભા દ્વારા કરી શકીએ છીએ. સાચી નિષ્કામ સેવા ક્ષેત્રમાં પરિવારની સાથે સાથે બધી માનવતાની સેવા કરવી પણ સામેલ છે. બધા માટે પ્રેમની ભાવના, બધાથી પ્રેમ અને બધા ની સહાયતા કરવી સલાહારી જીવનના ગુણોમાંથી એક છે. સૂફી સંત ફરમાવે છે કે પ્રભુએ મનુષ્ય બીજાઓથી પ્રેમ કરવા અને મદદ કરવા માટે બનાવ્યા છે. જો પ્રભુને ફક્ત ભક્તિ જ કરાવવી હોય



તો તેના પાસે દેવી-દેવતાઓ તો પહેલાથી જ હતા. સૃષ્ટિમાં ફક્ત મનુષ્ય ને જ બીજાઓથી પ્રેમ કરવા અને સહાયતા કરવાનો ઈશ્વરીય ગુણ ×સહાનુભૂતિ× મળે છે.

આપણી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ કે ભલે બીજા પોતાના વિશે ચિંતિત હોય પરંતુ આપણે પોતાનું દિલ ખોલીને બીજાને દુઃખ દર્દ મા સામેલ થવું જોઈએ. જ્યારે લોકો પર દુર્ભાગ્યવશ પ્રાકૃતિક આપત્તિ આવે છે અને જ્યારે તેઓ બે ઘર થઈ જાય છે તો તેઓ ભોજન, વસ્ત્ર અને દવાઓ પણ લઈ શકતા નથી. આવા મુશ્કેલીના સમયમાં આપણે એમની સહાયતા કરી શકીએ છીએ. જ્યારે આપણે કોઈ સહાયતા કરીએ છીએ ત્યારે આપણું દિલ વિશાળ થવા લાગે છે અને ત્યારે જ આપણને આંતરિક શાંતિ, આનંદ અને ખુશીની પ્રાપ્તિ થાય છે. દુનિયામાં એવા બહુ લોકો છે જેમણે બીજાની મદદ કરવા માટે પોતાને સમર્પિત કર્યા છે અને તેમના જીવન સ્તર સુધારવામાં સહાયતા કરી છે. કેટલાય વર્ષો થી વૈજ્ઞાનિકોએ લોકોના જીવનને વધારે સુરક્ષિત તથા આરામદાયક બનાવવા માટે અનેક આવિષ્કાર કર્યો છે. આવો! આ મહાન લોકોની જેમ આપણે પણ આ સંસારમાં લોકોના જીવનને સારું બનાવવામાં પોતાનું યોગદાન આપીએ અને પ્રભુ દ્વારા આપવામાં આવેલી પોતાની ક્ષમતા, જ્ઞાન તથા પ્રતિભા નો ઉપયોગ બીજાની ભલાઈ માટે કરીએ. ત્યારે આપણે સાચા અર્થમાં બીજાઓ માટે જીવીશું.

સાવન કૃપાલ રૂહાની મિશન ની અધિક જાણકારી માટે સંપર્ક કરો ૯૮૨૫૪૬૭૧૧૦, skrmzn12@gmail.com






14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મેં થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી




"મા એક એવું વટવૃક્ષ કે જ્યા ઝંઝાવાત પણ નિરાંત નો શ્વાસ લે છે "

## મા



મા,બા, મમ્મી આ એક સંબંધ એવો છે, જ્યાં બિન્દાસ 'તુંકાર' થઈ શકે. એ આપણાથી વીસ, બાવીસ, પચ્ચીસ વર્ષ મોટી હોય છતાં એને 'તું' કહીને બોલાવી શકાય, કારણકે આપણા જન્મ પહેલાં જ એ આપણી 'બેસ્ટી' બની ગઈ હોય છે. આપણી રગેરગથી વાકેફ એવી માને બેધડક મનની બધી વાતો કહી શકાય. મૂડ ખરાબ હોય ત્યારે એનાથી ઝગડો પણ કરી શકાય અને મનગમતું કંઈ થાય ત્યારે એનાં પર વ્હાલ પણ વરસાવી શકાય.

પપ્પાનાં ગુસ્સાથી કાયમ બચાવનારી એ મા..! અમુક વખતે આપણે એનાં કારણે જ અડફેટે ચડ્યા હોઈએ હં !

ધારો કે, એ આપણને કહે, ×તું યોગ શીખવા જા.× એને ખબર જ હોય કે આપણે નથી માનવાનાં છતાં કહે. એક બે દિવસ રાહ જુએ. આપણે ન માન્યા. અચાનક ત્રીજા, ચોથા દિવસે એ જ વાત પપ્પાના મોઢે હુકમ રૂપે આવે અને આપણે ધરાર માનવી જ પડે. કારણકે, એમની સામે આપણું કંઈ ન ચાલે.

હકીકતે તો આપણી 'બેસ્ટી' જ છાનીમાની પપ્પાનાં કાનમાં ફૂંક મારી આવી હોય અને પાછી શાણી બનીને આપણા પક્ષે આવીને એવી ઊભી રહી જાય.. કે આપણને કાયમ એ વહાલી અને પપ્પા દવલા લાગે. ટૂંકમાં સામ, દામ, દંડ, ભેદ કોઈ પણ રીતે એ પોતાની વાત મનાવ્યે છૂટકો કરે.

હા, એક વાત પાક્કી, જેમાં આપણું હિત હશે એમાં જ એની જીદ હશે. એનું ફકત એક જ સપનું હોય, કે, દુનિયાભરનાં બધાં જ સુખ એનાં બાળકને મળે. બદલામાં એ શું માંગે ? ફકત થોડો સમય. જેમાં એનું બાળક એની સાથે પોતાના મનની બધી વાતો કરે અને એનાં મનની બધી વાતો સાંભળે. ખરું ને ?

મા વિશે એક રચના..

એક સગપણ એવું, જેમાં સઘળાં સુખ સમાતાં,
કહો મમ્મી, મમ્મા, મા કે પછી બોલાવો માતા.
મમતાભર્યો હાથ ફરે ત્યાં, દર્દો વિસરાઈ જાતાં,
એનાં ખોળે માથું જ મૂકતાં, દુઃખ પલાયન થાતાં.
અમી ભરી એની નજરોથી, સુખ ઉરે છલકાતાં.
દિલથી સ્મિત કરે ત્યારે તો, તારાઓ ઝંખવાતાં.
મીઠાં એનાં વેણ સુણીને, ફૂલો ખીલી-ખીલી જાતાં,
કદી રિસાઈ જય તો લાગે, રૂઠ્યાં જાણે વિધાતા.
આંખે ન આવે અશ્રુ, બાળને કારણ હે જગત્રાતા !
રહે સ્વસ્થ, ચિરાયુ હે ઈશ ! સૌની જીવનદાતા.

ભલે જન્મદાત્રી હોય કે ના હોય પણ બહેન, જીવનદાત્રી, ગુરુ કે સખી રૂપે ઘણી સ્ત્રીઓએ મારાં ચારિત્ર્ય ઘડતરમાં અગત્યનો ભાગ ભજવ્યો હશે.. મારી દરેક પરોક્ષ માતાને માતૃ-દિવસ નિમિત્તે કોટી કોટી વંદન.

જય શ્રીકૃષ્ણ

**-પારુલ શાહ (ગીર સોમનાથ)**

---

## મા



મા તે મૂંગા આર્શીવાદ,
મા તે વહાલ તણો વરસાદ
મા તે અમૃત ઘોળ્યો દરિયો,
મા તે દેવ ફરી અવતરિયો
મા તે જતન કરનારુ જડતર,
મા તે વગર મૂડીનું વળતર
મા તે વહાલ ભરેલો વીરડો,
મા તે મંદિર કેરો દીવડો.

જગતમાં આવવાનું બારણું એટલે મા, વગર ભાડે નવ મહિના પેટમાં રાખે, સંપૂર્ણ સંતાનો માટે જીવતી એટલે 'મા'. મા એટલે દરેક સંતાનની હાલતીચાલતી દેવી.

નવ મહિના' મા 'નાં ઉદરમાં રહી મા અને બાળક બંને એકબીજાના એક એક સ્પંદન અનુભવે. સંતાનની પ્રગતિ માટે આખું જીવન સમર્પિત કરે છે.

આપણુ પાલનપોષણ કરવાની સાથે જ જીવનમાં માર્ગદર્શક અને શિક્ષકની ભૂમિકા નિભાવે છે. આપણે આપણા જીવનમાં જે પણ પ્રારંભિક જ્ઞાન કે શિક્ષણ મેળવીએ છીએ તે આપણને મા દ્વારા જ આપવામાં આવે છે. એ જ કારણ છે કે, મા પ્રથમ શિક્ષક તરીકે પણ ઓળખાય છે.આપણા આદર્શ જીવનના નિર્માણમાં આપણને આપણી માએ આપેલી શિક્ષા ખૂબ મહત્ત્વ ધરાવે છે કેમ કે, નાનપણથી જ મા પોતાના બાળકને સારા કાર્યો, સદાચાર અને હંમેશાં સત્યના માર્ગે ચાલવા જેવી મહત્ત્વપૂર્ણ શિક્ષા આપે છે. જ્યારે પણ આપણે જીવનમાં રસ્તો ભટકી જઈએ છીએ તો આપણી મા હંમેશાં આપણે સદમાર્ગે લાવવાનો પ્રયાસ કરે છે.

ઋગવેદનો એક શ્લોક છે તેમાં લખ્યું છે કે તને દસ પુત્ર થાય અને અગિયારમો પુત્ર તારો પતિ છે. ખરેખર આ સાચું જ છે કારણ સ્ત્રી દરેક રૂપમાં માતા જ છે.

વેદોમાં સ્ત્રીને આઠ પ્રકારની માતા કહી છે. ધારણ કરનારી ,જન્મ આપનારી, પોષણ કરનારી, ઉછેરનારી માતા જ કહેવાય.

હર શ્વાસમાં વિશ્વાસ વધારે, શબ્દ ઓછા અને સ્નેહ વધારે, પુરાવા ઓછા ને પ્રેમ વધારે, માતાનું મૌન એટલે આશિષની હેલી.

મા અભણ હોય કે ભણેલી સ્નેહનો દરિયો કહેવાય જ્યાં કાયમ ભરતી જ આવે.

સતત સંતાનની દીર્ઘાયુ માટે પ્રાર્થના કરતી, માની કિંમત શબ્દોમાં ન જ વર્ણવી શકાય. એનાં દૂધનું ઋણ કદી નહીં ચૂકવાય, તે ચોક્કસ છે. માતા એટલે સંતાનને સુધારવા માટે અલગ અલગ રૂપ ધરે, ક્યારેક રણચંડી, દુર્ગા કે કાળી પણ થાય, છતાં 'મા' મમતાની મૂરત છે. એ છે ત્યાં સુધી સેવા કરજો પછી જ્યારે એ જગતમાંથી વિદાય લઈ લેશે એની ગેરહાજરી સતત સાલશે. જીવતે જીવ આપેલા આશીર્વાદ આખી જિંદગી સંતાનની પ્રગતિ કરે છે.


આમ માતૃત્વ એક ચમત્કાર છે, માતૃત્વ વગરની સ્ત્રી અધુરી જ કહેવાય. છેલ્લે એટલું જ કહી વિરમું છું કે,

મરણ પામવાના હજારો રસ્તા છે, પરંતુ જન્મ લેવાનો,
ફક્ત એક જ રસ્તો છે, એ છે મા'.
દરેક વ્યક્તિ ' મા'ની અનંત જન્મોની કૃતજ્ઞ છે.

**-શ્રીદેવી પિનાકીન પંચોલી. (અમદાવાદ)**

---

## માવતર



માવતર શબ્દમાંજ આખી દુનિયાનો સમાવેશ થઈ જાય છે. માવતરની સેવા એ જિંદગીનું સૌથી સુંદર અને સૌથી શ્રેષ્ઠ કર્મ છે. માવતરની સેવા કરનારને ક્યારેય અન્ય ભગવાન સામે હાથ જોડવાની કે શીશ નમાવવાની જરૂર રહેતી નથી. આખી દુનિયામાં માવતર એક માત્ર એવું પાત્ર છે, જે આપણને ગમે ત્યારે, ગમે તેવી પરિસ્થિતિમાં સ્વીકારી લેશે. તમારા સૌથી મુશ્કેલ સમયમાં પણ તમારી પડખે ઉભા રહેશે.

પૃથ્વી પર જન્મ લીધો એ પહેલાંજ આપણે સૌથી મોટું કરજ લઈને જન્મ્યા છીએ. માબાપે આપેલ જન્મ અને ત્યાર બાદ કરેલ પરવરિશ સહિતની તમામ જવાબદારી માવતરે લીધી છે. છતાં આખરે આપણે એમને શું આપ્યું, વૃદ્ધાશ્રમ!, ખાલી ઓરડો, તિરસ્કાર, આંસુ!? જ્યારે રડતાં રડતાં જન્મ્યા ત્યારે સૌથી પહેલું હાસ્ય માવતર પાસેથી મળ્યું. ને આપણે! એમના જીવનના અંતિમ સમયે પણ એમની આંખોમાં આંસુ જ આપ્યા. કારણ એટલું જ કે, આપણાં આંસુ સૌથી પહેલાં એમણે લૂછ્યા હતાં?

જ્યારે ઢીંચણે છોલાઈ જતા, ત્યારે આંગળી પકડી ચાલતાં શીખવ્યું. અને એમને જ સહારો આપવાની ઉંમરે વૃદ્ધાશ્રમનો રસ્તો બતાવ્યો!? જ્યારે મોંમાં દાંત નહોતા ત્યારે માવતરે પહેલાં ચાવીને ખવરાવ્યું ને હવે એમને જ સમય પર જમવાનું નસીબ નથી. કારણ એ જ કે આપણે બોલી નહોતા શકતા તો પણ સમયસર ખવરાવ્યું?

પરસેવાનું પાણી સીંચીને આપણા જીવનનો બાગ સજાવ્યો, અવનવા રંગીન ફૂલો ખીલવ્યાં. આજે એમનાં જ બનાવેલા બાગમાંથી એ માળી જ હડધૂત? જ્યારે જ્યારે શ્વાસ લીધો ત્યારે સ્વયં મુરઝાઈને પણ મીઠી સુગંધ આપી. આજે એ જ ફૂલની એક એક પાંખડી ખરી રહી છે ત્યારે આપણે સ્નેહનું એક ટીપું પણ છાંટી નથી સકતા?

સાચું કહું તો આપણા જીવન ઉપર આપણા કરતા માવતરનો હક વધારે છે, કારણકે પોતાની જાતને નીચોવીને આપણને સજાવ્યા છે. જીવનના ઉચ્ચ શિખરો પર પહોંચવા માટે એક પાયાની શરૂઆત કરી અને આજે એ મહેલની નીચે એ પાયાને જ કચડી રહ્યા છીએ કે જેની પર આપણા મહેલનો સંપૂર્ણ આધાર રહેલો છે? પણ જો એ પાયો હલી જશે તો એ મજબૂત ઈમારત પળવારમાં ધસી પડશે.

સર્વે માવતર વતી એક અરજ અને પ્રાર્થના કે, આપણા મહેલના મજબૂત પાયાને, આપણા બાગના માળીને, આપણા જીવન રૂપી ફૂલની સુગંધને સાચવી રાખવી એ આપણી ફરજ છે.

કોઈએ કહ્યું છે ને કે, માવતરનું ઘડપણ જ્યારે બાળપણ બની જાય, ત્યારે સંતાનોએ બાળપણ મૂકી માવતર બનવાનું હોય છે.

એટલે જ કહેવું ગમશે કે, ફેલાવી સુગંધ, સિંચ્યુ પરસેવાનું પાણી, મુજ જીવન કેરા બાગના, એ રાજાને રાણી.

**-શૈલેષ ભોઈ 'શાલુ' (લુણાવાડા)**

---

## હાશ! વેકેશન પડી ગયું,



બસ મનમાં એક જ વિચાર પિયર જવાનો.
ઘરના સઘળા કામ પતાવી લીધા,
ચાર પાંચ દિવસ અગાઉ બધી તૈયારી કરી લીધી.
શાકભાજીનો, કરિયાણાનો સ્ટોક કરી લીધો,
નાસ્તાના ડબ્બા બનાવીને તૈયાર કરી લીધા.
પિયર જવાના હરખમાં એકસામટા કામનો થાક ક્યાં દેખાય છે?
બસ રહ્યું હવે છેલ્લું કામ થેલો ભરવાનું.
ઘડીબંધ ઈસ્ત્રી કરેલાં કપડાં થેલામાં ગોઠવી દીધા
અને બસ ચાલી નીકળી પિયર.
જાણે કે મળ્યું ખુલ્લું આકાશ.
કોઈ સમયની પાબંધી નહીં ને કોઈ રોકટોક નહીં,
બસ અનહદ આનંદને અઢળક વાતો.
ચાર-પાંચ દિવસ ક્યાં જતા રહ્યા કંઈ ખબર જ ન પડી.
વખત આવ્યો ફરી સાસરે જવાનો,
અને ફરી પાછો થેલો ઠાંસીને ભર્યો છતાં કંઈ સમાતું ન હતું.
અને મમ્મીનો બસ એક જ સવાલ,
એટલું તે શું વધી ગયુ કે સમાતું નથી?
ગળે રોકાયેલો ડૂમો શબ્દો દ્વારા બહાર નીકળી જ ગયો.
મમ્મી કપડાં તો એના એ જ છે બસ થોડી લાગણી અને યાદો વધી ગઈ છે!!
સાસુએ કહ્યું કે, પીયરથી તું લાવી છો જ શું?
લાવી છું અનેક યાદોને ભરપૂર લાગણીઓ,
મમ્મીએ કહ્યું કે, સહી લેવાનું પણ બોલવાનું નહીં!
સાસરીયાની વાતો સાસરીએ જ રાખવી,
પિયરની વાતો પિયરમાં જ રાખવી.

મા, હું માનતી નથી તું નથી હવે. હૃદયમાં વસીને નીંદમાંથી જવાબદારીનું એલાર્મ મુકી જગાડે છે. તારા ગયા પછી તારા સંસ્મરણોના સથવારે જીવવાની આદત પાડી છે. જીવી લઈશ પૂરી જિંદગી તું નહીં પણ તારી યાદો તો છે ને!!

મા એક પિયર તો છે જ્યાં અગણિત વખત આમંત્રણ વિના આવી શકાય, ડોર બેલ વગાડ્યા વગર ધડાધડ દરવાજો ખખડાવીને જઈ શકાય.જ્યાં બાળપણ વિતાવી ધમાલમસ્તી અને પરીઓની વાર્તા રહી ગઈ છે.

જ્યાં ડાઈનિંગ ટેબલ પર હંમેશાં એક ખુરશી ખાલી જ રહેતી જ્યાં હું મન ફાવે ત્યારે આવી જતી ને જાણે , ક્યારે આવવાની,ક્યારે જવાની,કેટલું રોકાશેના સવાલ જવાબ આપવાના હોતા નથી,પણ જતી વખતે અચૂક મા તું પૂછતી ફરી ક્યારે આવશે અને સાથે ઢગલાબંધ સલાહ સૂચનો છોકરીઓનું ધ્યાન રાખજે, અમને પહોંચીને તરત ફોન કરજે, દિવસમાં એક વખત ફોન કરજે!

મા તું એક છે .તારી યાદો અનેક છે..

**-રીટા ત્રિવેદી(સૂરત)**

---

## બા...



નાનપણમાં જ્યારે રમતા રમતા ઠોકર ખાઈને પડી જતી ત્યારે, જો જો કીડી મરી ગઈ, ધત...! મારી દીકીને વગાડ્યું... કહી રડતાં રડતાં હસાવતી... ને ચૂપચાપ પાણીનાં બે ત્રણ ટીપાં જમીન પર છાંટીને કહેતી , જો જો ધરતી મા પણ રડે છે, કહી દે હવે નહીં રડાવું.. ત્યારથી લઈને જીવી ત્યાં સુધી કોઈ પણ તકલીફમાં આંસુ આવી જાય તો કહેતી,,× ચિંતા ન કર,બધા સારાવાના થશે,હું બાધા રાખું છું ને...

એ બાધા આખડી રાખતી બા હવે નથી. હવે કોઈ બાધા આખડી રાખતું નથી, પણ એ મમતાભર્યા શબ્દો આજે પણ કાનમાં ગુંજે છે. તે ખૂબ સરસ ગાતી...તેના ભજન ,ગીત આજે પણ યાદ છે .... બાને ગમતી એક કવિતા, કદાચ તે જ્યારે ભણતી ત્યારે તેના ભણવામાં આ કવિતા આવતી...તે શબ્દો આજે સમજાય છે.

અરર બાલુડા બાપલા અહો
જનની આ હવે સ્વર્ગમાં જતી.
સમજશો નહી શું થઈ ગયું
રમકડું કયું હાથથી ગયું.
દિવસ બે સહુ લાડ પૂરશે
દિવસ બે દયા સર્વ રાખશે
પણ ન છાતીએ કોઈની તમે
રઝળતા હવે એકલા રહો.. ×
તવ પિતા સદા વહાલ રાખશે
પણ ન માતની ખોટ ભાંગશે.
તમ કદી પૂછો મા ગઈ કહાં
દિવસ બે જરા ગામકો ગઈ.
અરર એ તમે કેમ માનશો
રડી રડી મુખો ના સુકાવજો ....
અરર બાલુડા......×

આજે પણ દર્દમાં ડૂબેલા સ્વરે ગવાતું આ ગીત કાનમાં ગુંજે છે.

બા,અમે ખુશ છીએ. તું જ્યાં હોય ત્યાં જીવનની બધી ખુશીઓ પામે તેવી પ્રાર્થના સાથે હંમેશા તને યાદ કરીએ છીએ.અમારા માટે તો હર દિન Mother's Day જ છે હો....!

**-નલિની રાવલ (વડોદરા)**

---

## મા



જગતના સૌ સ્નેહી સંબંધોમાં માતાનું સ્થાન સર્વોચ્ચ અને અનન્ય છે. માનો ખોળો એટલે સ્વર્ગ, નિસ્વાર્થ પ્રેમની અમૃતધારા. માની સગાઈ એટલે લોહીની સગાઈ. માનો પ્રેમ ગંગા જેવો નિર્મળ, યમુના જેવો વિશાળ અને સરસ્વતી જેવો જ્ઞાનપૂર્ણ છે. માતૃપ્રેમ ગંગા, યમુના અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ. માના પ્રેમમાં વિષ્ણુનો વાસ, બ્રહ્માનો નિવાસ અને દેવાધિદેવ શંકરની સુવાસ છે. માતૃપ્રેમ ત્રિદેવની મૂર્તિ.

માતાના પ્રેમથી હરખાતું હૈયું નિહાળી સંતાન ધન્ય બની જાય. આકાશમાં સૂર્ય ઊગવાનું ભૂલી જાય, હિમાલય ડગી જાય, નક્ષત્રો પોતાના સ્થાનેથી ચલિત થઈ જાય, પરંતુ માના પ્રેમમાં કદી ઓટ આવતી નથી. કવિ બોટાદકરના શબ્દોમાં કહું તો,

ગંગાના નીર તો વધે -ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે,
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ

માતાનું હૈયું તો હેમંતની હેલ. માતાનો પ્રેમ નથી ઉષ્ણ કે નથી શિત. ભૂગોળની પરિભાષામાં કહું તો માતાનો પ્રેમ સમશીતોષ્ણ છે.

મહારાજા 'છત્રપતિ શિવાજી'ને ઉછેરવા માતા જીજાબાઈએ જંગલમાં ભટકવું પડ્યું. પોતાના બાળકને મુઘલોના પંજામાંથી છોડાવવા તેમણે મહેલના સુખ સાહ્યબીનો ત્યાગ કરી પહાડોમાં રહી શિવાજીને બહાદુરીપૂર્વક લડતા શીખવાડ્યું. ×જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે.× આમ માતા જીજાબાઈએ શિવાજીનું પારણું ઝુલાવી તેમનામાં ઉત્તમ સંસ્કારોનું સિંચન કર્યું. એ સંસ્કાર થકી શિવાજી સફળ રાજ્યકર્તા પૂરવાર થયા. એ રીતે વનરાજને ગુણસુંદરીએ, સિદ્ધરાજને મીનળદેવીએ અને ગાંધીજીને પૂતળીબાઈએ જે સંસ્કાર ધન આપ્યું હતું તે ક્યાં અજાણ્યું છે!

'વોલ્ટર' બાળપણથી જ ભયંકર રોગ લકવાથી પીડિત હતો. ડૉક્ટરોએ તેની ચાલવાની આશા છોડી દીધી હતી. તેની માતાએ આપેલી હિંમત અને પ્રોત્સાહનથી વિકલાંગ વોલ્ટર ઊંચી કૂદની હરિફાઈમાં 'વિશ્વવિજેતા' બની શક્યો.

શિક્ષકો બાળકોને પુસ્તકિયું જ્ઞાન આપશે, જ્યારે જીવન જીવવાની સાચી કેળવણી બાળકોને માતા દ્વારા મળે છે માટે નેપોલિયને કહ્યું છે કે, ×એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.

જે બાળક માતૃપ્રેમથી વંચિત રહી જાય છે,તેના જીવનમાં કદી ન પૂરી શકાય એવી ખોટ રહી જાય છે. કવિ પ્રેમાનંદે સાચું જ કહ્યું છે,

ગોળ વિના મોળો કંસાર,
માત વિના સૂનો સંસાર.

મા પશુની હોય કે પછી પક્ષીની, એનામાં પોતાનાં બચ્ચાં માટે અપાર સ્નેહની સરવાણી ફૂટી નીકળે.

માના ચરણ તળે સ્વર્ગ છે. એવું 'કુરાન'નું વાક્ય પણ માતાની જ ગાથા ગાય છે.


માતા હતાશાની આશા છે, ભાંગ્યાની ભેરુ છે, નાસીપાસની પ્રેરણા છે. તેથી જ તો કવિ બહેરામજી મલબારીએ કહ્યું છે કે, અર્પી દઉં સો જન્મ એવડું મા તુજ લહેણું.

અંતે કવિશ્રી કરસનદાસ માણેકની 'જ્યોતિધામ' કાવ્યની પંક્તિથી લખાણ પૂર્ણ કરીશ... મોડી મોડી ખબર પડી, બા તું જ છો જ્યોતિધામ!

**-દીનાઝ પટેલ (નવસારી)**

---

## મારી મા..



મા ને ગુજરી ગયા ને દસ વરસ થયાં .

મા, ૭૦ વરસની ઉંમર સુધી તો

રસોડામાં બેસીને રસોઈ બનાવતા , સવારમાં વહેલાં ઊઠીને અમારાં માટે ભાખરી બનાવતાં . તેઓ ચા કડક મીઠી પીતાં. તેઓને પેટનું અલ્સર થયા પછી મોટે ભાગે ચોખ્ખાં ઘીમાં પકાવેલ મોળું દૂધીનું કે તુરિયાનું શાક જ વધારે ખાતાં . રાજકોટ જિલ્લાના જસદણ ગામની બાજુમાં આવેલ કોટડા પીઠા ગામે તેઓ જન્મેલાં અને મોટા થયેલાં . અક્ષર જ્ઞાન નહોતું લીધું પણ ડોશી વૈદું અને અમુક ડહાપણ અને સંસ્કારો એમને વારસામાં મળેલ હતાં એટલે અમને છોકરાંઓને તાવશરદીમાં મામેજવો,કડુ કરિયાતું અને સુદર્શનચૂર્ણનાં ઉકાળા પિવડાવતાં, શરદીની તકલીફમાં સૂંઠની પોટલી પાણી પીવાની માટલીમાં નાખીને, સૂંઠની અસરવાળું પાણી અમને પિવડાવતાં .અભણ હોવા છતાં, તેઓ પાસે ગુજરાતી રૂઢિ પ્રયોગો અને કહેવતોનો ખજાનો હતો. ૬૦ વરસ પહેલાં અમારાં ઘરે, અઠવાડિયે બે ત્રણ વાર મહેમાન જમવા આવી જાય, ઓચિંતા આવે અને કંઈક મીઠાશ પીરસવી પડે એટલે મારી મા, ઘી-સાકર નાખીને કેળાં પાક બનાવીનાંખે અથવા લાપશી/સૂજીનો હલવો બનાવી નાખે. અમારું વસ્તારી ઘર હતું એટલે રસોડું નાનું પડતું, પરંતુ બે દરવાજાઓવાળું રસોડું અજવાળિયું અને હવાબારીઓ ,જાળીઓ સાથેનું હતું. આ નાનાં રસોડામાં,એક સ્લાઈડિંગ દરવાજાઓવાળો મોટો કબાટ ભીંતની અંદર જડેલો હતો અને બીજો ખાનાંવાળો કબાટ બહાર હતો, એ સિવાય રસોડાની ચારેય તરફ અભરાઈ હતી. સલામ મારીમા(વાલેદા) પર.

**-ઈબ્રાહીમ ત્રવાડી (દુબઈ)**

---

## મા - મમતાનું વહેતું ઝરણું



આપણી ખુશીમાં જેની ખુશી એટલે મા
આપણા દુઃખમાં જે દુઃખી એટલે મા .

મા એટલે મમતાનું વહેતું એવું ઝરણું જે ક્યારેય થોડો આરામ લેવા પણ ઊભું નથી રહેતું. જે પોતાની જિંદગીની જરા પણ ચિંતા કર્યા વગર આપણને જીવન આપે છે. મા એટલે જ્યારે આપણો જન્મ પણ નથી થયો હોતો ત્યારથી જ જેનો આપણી સાથે લાગણીનો સંબંધ બંધાઈ જાય છે. નવ મહિના આપણને પેટમાં રાખીને બધી જ તકલીફ જો દુનિયામાં કોઈ સહન કરી શકે તો તે ફક્ત એક મા હોય છે. મા સિવાય આ કોઈનું પણ કામ નથી, જે ઘણી બધી વેદના સહન કરીને આપણને જન્મ આપે છે.

મા જેની જવાબદારી આપણે જન્મ્યાં ત્યારથી જ શરૂ થઈને જીવનભર રહેતી હોય છે. નાનાં હોઈએ છીએ ત્યારે આપણને ખાતાં નથી આવડતું ત્યારે એક મા જ હોય છે કે જે આપણને પ્રેમથી ખવડાવી શકે છે. આપણાં બધાં જ નાટકો એક મા જ સહન કરી શકે છે.

ભલે આપણે મોટાં થઈ જઈએ પણ એક માની જવાબદારી કંઈ ઓછી નથી થઈ જતી.પણ જેમ જેમ મોટાં થઈએ છીએ તેમ તેમ માની જવાબદારી વધતી જાય છે.જેને ક્યારેય પણ એમ નથી થતું કે ચલો આજે હું આરામ કરી લઉં, બધી જવાબદારીમાંથી એક દિવસ રજા લઈ લઉં . જ્યારે રવિવારે બધાંને રજા હોય છે પણ માની ડ્યુટી તો ચાલુ જ હોય છે. ક્યારેક આપણે માની વધારે પડતી લાગણીથી અકળાઈ જતાં હોઈએ છીએ અને તેની જોડે ઝઘડી પણ લઈએ છીએ. તેને જૂનવાણી પણ કહી દઈએ છીએ.આપણે જ્યારે માને આવી રીતે ગમે તેમ બોલીએ છીએ ત્યારે તેનાં દિલ ઉપર શું અસર થતી હોય છે એ વાત આપણને ત્યારે નથી સમજાતી,પણ ત્યારે સમજાય છે જ્યારે આપણે મા બનીએ છીએ.

જ્યારે મા આપણને કોઈ વસ્તુ કરવાની ના પાડે છે ત્યારે આપણે તેને એમ કહી દઈએ છીએ કે તને આ બધી વાતમાં ખબર ના પડે. પણ આપણે ભૂલી જઈએ છીએ કે આ ચિંતામાં તેનો જ પ્રેમ રહેલો છે. તે આગળનું ભવિષ્ય જાણતી હોય છે અને તેથી જ જ્યારે કોઈ વસ્તુ તેને ખોટી લાગતી હોય છે ત્યારે તે ના કરવા માટે આપણને સમજાવતી હોય છે જેથી પાછળથી આપણને પસ્તાવો ના થાય. તો આવી હોય છે મા, જેની ખુશી ફક્ત અને ફક્ત આપણે હોઈએ છીએ.

**-પિકી પરીખ(અમદાવાદ)**

---

## આજે 'મધર્સ ડે'



ના દિવસે હું મારી સુભીબા અને સમુબા ની વાત કરવાં માંગું છું. ૧૪ વર્ષ ની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યાં પછી સુભીબા અને સમુબાએ જે અમ ત્રણ ભાઈ-બહેનોની કાળજી લીધી છે તેટલી કદાચ તેમણે પહેરેલ સોનાનાં દાગીનાની પણ નહીં લીધી હોય.

૩૪ વર્ષ ની વયે વૈધવ્ય ધારણ કરનાર મારી અભણ સુભીબાને ભણતરનું શું મહત્વ છે તે બરોબર ખબર હતી.ત્રણે દીકરા-દીકરી બરોબર ભણે તેનું ખૂબ ધ્યાન રાખતી.ન્યુ ક્લોથ માર્કેટનાં વેપારી પાસેથી પોળનાં અનુભાઈની ઓળખાણથી વર્ષની સ્કૂલની ફી અને નોટબુક અને ચોપડીઓ લઈ આવતી. આંખે ઓછું દેખાતું હોવાં છતાં પોળનાં દરજી પાસેથી બટન ટાંકવાંનું કામ લઈ આવતી અને તે આવકમાંથી અમારી જરુરિયાતો પૂરી કરતી. પિયર અને સાસરાનું,નણંદ અને ભાભીનું,ભત્રીજાઓ અને ભાણીયાઓનું બેલન્સ એ બખૂબી થી નિભાવતી,જે જોઈને અમે સંબંધનું મહત્વ સમજ્યાં છીએ .જો કોઈને દુનિયાની શ્રેષ્ઠ માથી નવાજવી હોય તો તે અમારાં સમુબા છે.મારાં પપ્પાની મા એટલે કે મારાં દાદી નું મૂળ નામ શણગાર બા.આ નામ તેમનાં સાસુનું હતું તેથી તેમનું નામ સમુબા મોહનદાદાએ પાડ્યું.કોઈ સ્મ્છ વાળો પ્લાનિંગ તો તેમની પાસેથી શીખે! મહિને ૧૦૦/- રૂપિયા કમાતા રતીલાલ દાદાનું ઘર સમુબા પુરાંતવાળા બજેટથી ચલાવતા.પોળના રબારીને વ્યાજે પૈસા આપી તેના વ્યાજમાંથી ઘરે દૂધ ફ્રી આવતું. આપણે બ્રશ કરી છેલ્લો કોગળો કરીએ અને ચા આપણાં કપમાં ગળાતી હોય. દીકરા-દીકરી અને વહુઓ દરેકને જે ટાઈમે ઊઠે તે ટાઈમે તેમનાં ટેસ્ટ મુજબની ચા બનાવી આપવાની.તેઓ માનતાં કે સારા દિવસની શરૂઆત માટે સવારે પ્રભુનું નામ દેવું જરૂરી છે તેમ સારી ચા પીવી પણ જરૂરી છે. દરેક વહુને તે ગરમ ગરમ રોટલી કરી જમાડે.તે પરંપરા પેઢી દર પેઢી ચાલુ રહી. રસોડામાં તેમનું એકચક્રી શાસન.કોઈ વહુઓને પણ એન્ટ્રી નહીં.તેઓ કહેતાં, મારાં દીકરાંઓને તમારી કરેલ રસોઈ નહીં ભાવે.મારી બહેનને જમવામાં રોજ કઢી જોઈએ, જે અમારાં સમુબા રોજ બનાવી આપે.આજનાં જુવાનિયાઓને તેનો ખ્યાલ નહીં આવે. એક જ તપેલાંમા ઉકાળેલી ચાનો કપ પીતાં પીતાં તમારી પત્ની પાસે તવીમાં શેકેલો બ્રેડ માંગી જોજો, તમને તેનો જવાબ મળી જશે. આવી મારી બે ય મધરને કોટી કોટી વંદન.

**-જીતેન્દ્ર કાન્તિલાલ શાહ (અમદાવાદ)**

---

## ક્ષણમાં સ્થિર રહેતી પીડા



ઘરનું નાનું એવું ફળિયું. નાની એવી યજ્ઞવેદીમાંથી ઊઠતી અગ્નિજ્વાળાઓ અને એની ધ્રુમિલ સુગંધથી પ્રસરેલી પવિત્રતા. ઘરનો દરેક સભ્ય પ્રફુલ્લિત મને વિધિ માણી રહ્યો હતો. શાસ્ત્રીજી દ્વારા ગવાતા શ્લોકો અને એના શુદ્ધ તરંગીત લય સાથે જાણે આખુંય ઘર વહી રહ્યું હતું. એક સરસ ધાર્મિક પ્રસંગ આંગણે ઉજવાઈ રહ્યો હતો એની ખુશીમાં ઘરના સૌ સભ્યોનું મન પ્રસન્ન હતું.

શાસ્ત્રીજીની આજ્ઞાથી અમે સહુ ઊભા થયા. અને... "ભવતિ ભિક્ષાન દેહિ." ખુલ્લા ડિલે, જનોઈ ધારણ કરી, અંગે ભસ્મ ચોળી, હાથમાં ઝોળી ફેલાવી મારો દીકરો મારી સામે ભિક્ષુક બની ઊભો હતો! હું ક્ષણભર એને જોઈ જ રહી! શું ભાવ આવવો જોઈએ મનમાં? કશી ખબર જ ન પડી. યજ્ઞોપવિત સંસ્કારની સમગ્ર વિધિ જાણતી હોવા છતાં હું આ ક્ષણ માટે તૈયાર નહોતી. એ ગુરુકુળ તો શું મારાથી એક તસુભાર જેટલો ય દૂર જવાનો નહોતો, છતાં મન ભરાઈ આવ્યું. એની ઝોળીમાં ભિક્ષાનો પ્રસાદ આપતી વખતે હાથ ધ્રુજી ઉઠ્યા. સમગ્ર વિધિ યંત્રવત પૂરી કરી પણ આંખ એના પરથી હટતી જ નહોતી. સાવ સામે, ભેટી શકાય એટલો નજીક હતો એ, છતાંય એનો ચહેરો સ્પષ્ટ દેખાતો જ નહોતો. જાણે નિયતિ કહી રહી હતી, આ ક્ષણ ફરી આવશે જ્યારે એ પોતાના ભવિષ્ય તરફ ડગ માંડશે. આમ જ એની ઝોળીમાં આશીર્વાદ આપી એને વિદાય આપવી પડશે. સંતાન વિયોગ - માના અસ્તિત્વને વેરવિખેર કરી નાંખનારા આ અનુભવમાંથી તારે પણ પસાર થવું પડશે. યજ્ઞોપવિત સંસ્કાર પત્યા પછી વ્યક્તિ 'rîs' તરીકે ઓળખાય છે. જનોઈ ધારણ કર્યા બાદ વ્યક્તિનો બીજો જન્મ થાય છે. તે દિવસે મારા દીકરાની સાથે મારો પણ બીજો જન્મ થયો. એક મા તરીકે હું વધુ પરિપક્વ થઈ હતી. મનોમન એના ભવિષ્ય માટે સમય આવ્યે એને વિદાય આપવા હું સજ્જ થઈ હતી. એ પ્રક્રિયા આજદિન સુધી ચાલે છે. એને જવાનું છે એક દિવસ - આ વાક્ય જ્યારે પણ યાદ કરું છું, મન ઉદાસ થઈ જાય છે.

હું સજ્જ છું એની વિદાય માટે - આવું ઠાલું આશ્વાસન હું રોજ જાતને આપતી હોઉં છું પણ ગઈકાલે મહાભારતનો એક પ્રસંગ નજર સામે ભજવાતો જોયો. કૃષ્ણ કાયમ માટે વૃંદાવન છોડીને મથુરા જવા યશોદાની વિદાય લેવા આવે છે. યશોદાએ જ્યારે એના લાડલાને વિદાય આપી ત્યારે મારી આ સજ્જતા તૂટી ગઈ. તે દિવસે રોકી રાખેલો વિદાયની પીડાનો બંધ તૂટ્યો ને હું રડી પડી. શ્રદ્ધા તો બહુ કઠણ છે, મજબૂત મનોબળ છે એનું - મારો આ જાતે ઊભો કરેલો ભ્રમ ભાંગી ગયો. માની વેદના આંસુમાં પરિણમે ને ત્યારે એ વહેતી નથી, સ્થિર થઈ જાય છે. મા એ પીડાનું એક અદ્રશ્ય આવરણ સતત સાથે લઈ ફરે છે. એને જાણ હોય છે કે એના આંસુ સંતાનના ભવિષ્યને રોકશે, એટલે જ એ એને વહાવતી નથી. રામાયણ અને મહાભારત બંને મહાગ્રંથોમાં એક માની સૌથી આકરી કસોટી થઈ છે. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, યશોદા, દેવકી - બધાએ પુત્ર વિયોગ સહન કર્યો છે. અત્યારે આ લખી રહી છું ત્યારે એ બધાની પીડા જાણે મારી સાથે એકાકાર થઈ ગઈ છે. કૌશલ્યા કહે છે કે તેર વર્ષ વીત્યા, પણ આ એક વર્ષ નહિ વીતે! ત્યારે એની એ તડપ છેક મારા સુધી પહોંચી મને વિહ્વળ કરી દે છે. કૃષ્ણના રથ પાછળ જતી યશોદા, એના માર્ગને તાકતી એની એ કોરીધાકોર આંખોની પ્રતીક્ષા મારી આંખનું આંજણ બની ગઈ છે. યુગ ગમે તે હોય, માની પીડા હંમેશા એકસમાન જ હોવાની!

**-શ્રદ્ધા ભટ્ટ (રાજકોટ)**

# વિશ્વ માતૃ દિવસ નિમિત્તે પદ્ય રચનાઓ

---



બાળાપણમાં માઁએ કીધી, એ વાત હવે ક્યાંથી લાવું?
એનાં નૈણે રમતી રમ્ય અમીરાત, હવે ક્યાંથી લાવું?
આંબાનાં ઝાડે સૌ રમતાં, આનંદે પડતાં -આખડતાં,
નાંની નાંની એ યાદોની સોગાત, હવે ક્યાંથી લાવું?
ભાંડરડા ભેગાં તો કાયમ, પ્રેમે હરતાં, ફરતાં ગાતાં,
હાયે એ યાદોની મોંઘી બારાત, હવે ક્યાંથી લાવું...?
થોડામાં ઝાઝું માનીને, સંતોષે જીવતાં જીવતર, પણ,
માઁએ દીધેલી એ મોંઘી ખેરાત, હવે ક્યાંથી લાવું ?
'તૃપ્ત' હવે તો હું નોંધારી, જુઓ થૈ ગૈ છું સાવ અનાથ,
આશિષ દેતાં માતપિતાના હાથ, હવે હું ક્યાંથી લાવું ?

**-તૃપ્તિ કુબાવત "તૃપ્ત" (સુરત)**

---



અમેરિકા સૌ ગયાં કહીને, " હરશું , ફરશું , પરદેશ!"
ના ગયાં બસ,એક હું ને બા મ્હાલશું અહીં સ્વદેશ !
ક્યારેય ચાન્સ મળ્યો નહોતો , કે રસોડાને આમ પિછાણું;
આજે ચા બનાવું ને વળી પ્રેમે બાને પીવડાવું !
આદું તાજું મધુર; સુગન્ધી છે મસાલાની ડબ્બી !
"ચાર પેઢી વહી ગઈ માડી, ડબ્બી કોઈએ ના બદલી ?
રસોઈઘર ને લીવીંગ રૂમ એ સૌ થયાં રી મૉડલડ;
અરે, ફળિયું પણ બદલાઈ ગયું , ને રસ્તે પડતી સાંકડ !"
"મોકળાશ ને મધુર સુગંધ એ છે આ ઘરની થાપણ
ચા બનાવું હું, તું કે તે રહે મઘમઘાટ , મન ભાવન!
દૂર દેશ કે હો સમીપ પણ સૌ દોડી અહીં આવે
ચાર પેઢીની એ જ ધરોહર ડબ્બીની મ્હેંકે માણે!!"

**-ગીતા ભટ્ટ (અમેરિકા)**

---

## "મા"..



આ વિશ્વમાં 'મા'નો પર્યાય નથી બીજો,
'મા'ની કરુણાનો અધ્યાય નથી બીજો.
વાત્સલ્ય સરખું સૌ સંતાનો પ્રત્યે,
કોઈનોયે આવો ન્યાય નથી બીજો.
લાગણી ઘટે નહીં અવિરત નયનોમાંથી,
તોય મા જેવો વૈરાગ્ય નથી બીજો.
સકળ સમાધાન છે 'મા'ના ચરણોમાં,
પ્રભુ પ્રાપ્તિનો પણ ઉપાય નથી બીજો.
જાત ઘસી સંતાનને ઉજળા કરે,
મા જેવો અપરિગ્રહાય નથી બીજો.

**-ઉમેશ જોષી (અમરેલી)**


---



મહિને રક્ત દેહથી નીતરે, દર્દમાં પેઢુ સુજે,
તોય એ દુઃખને હસતા મુખે સહાય!
મા કંઈ એમ જ ન બનાય!
સૌંદર્ય છીનવાય, શરીર બેઢંગુ થાય,
દેહ કપડે ન સમાય, દર્પણમાં જોતા કંઈ થાય!
મા કંઈ એમ જ ન બનાય!
ઊલટીઓ કરી આંતરડા ખેંચાય,
ભાવતું ભોજન પણ અબખે આવી જાય!
મા કંઈ એમ જ ન બનાય!
નવ માસે ભાર વધે, કેડ ફાટે, પગ થથરી જાય,
પણ માને એ ભાર કદીય બોજ ન સમજાય!
મા કંઈ એમ જ ન બનાય!
અંગ ચીરી અંશનો જનમ થાય, અંગ સીવાય ત્યાં અશ્રુ વહી જાય!
આવું આકરું દર્દ બીજા કોઈથી ન સહી શકાય!
મા કંઈ એમ જ ન બનાય!

**-શૈલી શહ (અમદવાદ)**

---



આ તે કેવું માતાનું રુણ...!
પ્રાર્થનાઓ એ કરતી રહી ને,
ચર્ચા માં પિતા રહ્યા !...
મારાં મારાં કરતાં ઉંમર આપી ને,
નામના પિતાની થઈ...
જીંદગી આખી પોતાનામાં ખર્ચી ને,
ગણતરી પિતાના પગારની થઈ...
ઘરનો ખૂણેખૂણો માતાએ શણગાર્યો ને,
સુખ સગવડ પિતાની ગણાય...
કાર્યરત હંમેશા પિતા લાગ્યા ને,
માતાની ચિંતાઓનુ કંઈ જ નહીં...?
આખરે...પિતા એટલે રંગમંચનું શ્રેષ્ઠ પાત્ર ને,
માતા એટલે પળદા પાછળનું
બાળકને સાહસ આપી તૈયાર કરતું પાત્ર...
જલસા કરાવતા પિતા દ્રશ્યમાન થયાં ને,
બાળક માટે અદ્રશ્ય એવી માયા,મમતા,પ્રેમ
લુંટાવતી માતાના ઋણનું શું...?

**-આશા જયેશ બરૂવાલા (સુરત)**

NEWS OF GANDHINAGAR_P-2



માડી તારા ખોળલે..
સ્વર્ગ માણ્યુ મેં,
માડી તારા ખોળલે.
ઉપર આભ નીચે અંબર....
હું ઝુલેઝુલ્યોતેદિ,
માડી તારે ખોળલે.
ભમે લઈ ભાલાભમરીયા,
જીવોજગના સ્વાર્થી,
ત્યારે પણ કિલ્લોલ કલરવ...
માડી તારા ખોળલે.
મોંમા દઈ કોળિયા,
મા તેં મોટા કર્યા,
કેવી ગજબ હતી શાંતિ,
માડી તારા ખોળલે.
તું બડભાગી છો મા,
તેં સુખ આપ્યા ત્રિભુવન તણાં.
હું તો બિચારો આજ પણ,
માડી તારા ખોળલે.
**-કવિ દશરથદાન ગઢવી (થરાદ)**

---



આવવું છે પણ નહિ આવી શકું હું દીકરા.
વ્હાલખોબામાં નહિ લાવી શકું હું દીકરા.
તું મજામાં હોય તો હું પણ મજામાં હોઉં છું,
આ બધું તો નહિ જ સમજાવી શકું હું દીકરા.
સ્નેહના વાદળ છવાયા મારા મન પર છે છતાં,
ઝાપટું તો નહિ જ વરસાવી શકું હું દીકરા.
કાળજામાં થાય ઠંડક એક આલિંગનથી પણ,
ત્યાં સુધી નહિ હાથ લંબાવી શકું હું દીકરા.
આવ મળવા એકવખત, પાછો પછી ચાલ્યો જજે,
તું જશે તો નહિ જ અટકાવી શકું હું દીકરા.
જીવતેજીવત તું મળ, અંતિમ ઈચ્છા એક છે,
મોતને તો નહિ જ અટકાવી શકું હું દીકરા.
'દીપ' છે તું રોશની જગમાં તારી ફેલાવજે,
તેજ મારું નહિ જ ફેલાવી શકું હું દીકરા.
**-દીપકસિંહસોલંકી 'દીપ' આણંદ**

---

## માપ



શીખ ઉત્તમ આપતું એવો અમૂલ્ય ગ્રંથ છે મા.
પ્રાર્થના કે ગીત શીખવતો મનોહર છંદ છે મા.
પાનખર મજબૂર થઈને નીકળે પગલે જ પાછી.
બાળકોની જિંદગીમાં ફોરતી બસ વસંત છે મા.
છાંયડી આપી સદા સંતાનનું ઈચ્છે ભલું એ.
વીરડી મમતા તણી યાદો મહીં જીવંત છે મા.
પૂર્ણ નિર્મળ પ્રેમ મૂરત ઘૂઘવે જ્યાં વ્હાલ સાગર.
પાર મઝધારે કરાવે શાંત ચિત્ત અનંત છે મા.
સરળતા સ્વભાવની વાત્સલ્ય મીઠું ઝરણજે.
પ્હાડ સુખ-દુખના ચડે ધીરજ શ્રદ્ધાને ખંત છે મા.
ના લગીરે સ્વાર્થ જે પરિવારના મણકા પરોવે.
છોડવાનું શીખવે એ'દિવ્ય'ત્યાગી સંત છે મા.
**-દિવ્યા દેઢિયા'દિવ્ય'(મુંબઈ)**

---

## મા.....



એ મીઠી સી ડાટ ફટકાર
એ પ્યારથી ગળે લગાડવું
એ નાજુક હાથનો સ્પર્શ
જેણે આપ્યો મને જન્મ
પોતાના લોહીથીસીંચીને
વેદના વેઠીને હાસ્ય આપ્યુ મને
એ જ છે મારી 'મા' આજ એક
દિવસ યાદ કરવાથી કંઈ નહીં વળે. અરે! 'મા'તું તો મારા રોમ રોમ માં વસેલી છે.
'મા'ની વાતો ત્યારે જ સમજો જ્યારે તમે ખુદ 'મા' બનો.
માતૃત્વનું ઝરણું અવિરત વહેતું રહે. દિલની કોમળ લાગણીઓ
સમજે જે અને મહેસૂસ કરે એ
છે મારી મા.....
**-વર્ષા ભટ્ટ "વૃંદા" (અંજાર)**

---

## 'મા સંસાર ચલાવે'



માનાં ઉર તણાંઅજવાળે,
બાળ દેહ જીવન પ્રગટાવે,
પાલન પોષણ કરી જગ શણગારે,
મા અનેક રૂપા બાળ લાડ લડાવે,
નિસ્વાર્થ પ્રેમ મા જગાડે,
જીવન જ્યોતિ જગમાં પ્રગટાવે,
સ્વર્ગની અનુભૂતી માને ખોળે,
જગ જીવન ઋણી મા સંસાર ચલાવે,
ઈશ્વર ના દિશે જગમાં,
મા ભાવ ધરી જગદીશ આવે.
**-કેતનકુમારકાંતિલાલબગથરિયા 'રાહી'(રાજકોટ)**

---



લખું છું શબ્દ જ્યારે 'મા'
હુંફ મળી જાય છે એના અહેસાસ માં..
જોઉં છું એની આંખોમાં,
ભીંજાય જવાય છે એની લાગણીમાં..
'મા' તારા પ્રેમના હિસાબ માં ,
નથી ગોઠવાતાં આંકડા ગણિત માં..
'મા' ઘણા ઉપકાર છે તારા જન્મ આપવામાં..
બધું ભૂલી જઈશ પણ તું
ધબકશે સદા શ્વાસમાં..
ગોતું છું શબ્દો તારા વર્ણન માં,
આ સૃષ્ટિ માં નથી કોઈ તારી તુલનામાં..
'મા' ફક્ત આ એક જ શબ્દમાં,
જગત સમાયું છે તારા ખોળામાં..
**- છાયા શાહ (મુંબઈ)**

---



વીતેલાં એ દિવસોની સાલ હજુય યાદ છે,
મમતાથી ભર્યો 'મા' નો એ વ્હાલ હજુય યાદ છે,
કેવાંઓરતાંસેવ્યાંહશે!એ જીવ ઉદરેથીઅવતરે,
કઠણાઈનું કામઠું તે સહન કર્યું હશે,હજુય યાદ છે,
ના જોયો 'મા' તડકો;કે ના જોઈ શીતળ છાંય,
રમતાં-પડતાં મોટો થઈ જશે,એ વે'ણ હજુય યાદ છે,
'મા' ના ખોળામાં વહે છે સાગર સરીખોરૂડો સ્નેહ,
સુંવાળા હાથે શીશ મારુ પંપાળ્યું હજુય યાદ છે,
કોઈના આવે 'મા' શબ્દનાતોલે,એ જ મારા સુખ-દુઃખનો છે આયનો,
કલમમાં વહેતો લખું શબ્દ 'મા',મને હજુય યાદ છે
-સૂરશબ્દ.
**-પ્રજાપતિ મેહુલ(ભુજ-કચ્છ)**

---









## બા તારી છબી જોઈપ .. ને



ના રંગ છે, ના પીંછી,સદાય મનમાં તારો ચિતાર,
લાગણીનો ઉભાર છે,વ્યક્તતાનો કરું છું વિચાર,
મનમાં સદા રહે છે,બા,તારી મુખાકૃતિ સ્નેહાળ,
તારું હાસ્ય, સદા યાદ,જાણે ભાવભરી કવિતા,
હાથ ફરતા હતા પ્રેમથી તારા, શીર પર મારા,
તારે ખોળે માથું મૂક્યું, જાણે ઈશની શરણાગતિ,
પ્રેમરૂપી સ્પર્શ જ તારો,જાણે અલૌકિક આનંદ,
ક્ષણ જ થંભી ગઈ,જાણે દ્રશ્યમાં થઈ એકાકાર,
તારા પ્રાણથી પણ પ્યારો,ગણ્યો મને દિલથી,
જાણે પ્રેમરૂપી દુલારથી,ખૂબ સજાવ્યો મને,
ઋણ તારું ક્યાંથી ચૂકવાશે,જન્મોજનમથી,
ઋણી તારો રહીશ,ખુદના આત્માની ભીતરમાં,
**-દિલીપ સી સોની (અમદાવાદ).**

---



વાદળ બની એ વચ્ચે આવી જાય છે,
કોઈ જ્યારે લાલ આંખ કરવા જાય છે.
વાંક મારો છે કે સામેવાળાનો પછી જુએ છે,
પહેલા તો મારી પડખે ઉભી રહી જાય છે.
વાસ્તવિકતાને વાર્તા સાથે એવી રીતે જોડે,
ભાવ,અભાવ,સ્વભાવને સમજાવી જાય છે.
એકલતાનાંઆઘાતમાં પણ હું બોલું ×મા×,
ત્યાં તો પ્રેમભર્યા વાદળ બની વરસી જાય છે.
હોય પાસે કે ના હોય, ×મા× શબ્દ જ કાફી છે,
ઉદાસીનેઉડાડી નવી ઉજાસ કરી જાય છે.
**-રોનક ચંદ્રકાન્તભાઈ જોષી (ક્લોલા)**

---

## માની યાદ આવે છે



હર ઘડી હર પળ અક્સર માની યાદ આવે છે,
મમતા - ઝંખનાનો અવસર માની યાદ આવે છે.
મા વિના જીવન ખારું ઝેર સમાન બની જાય છે,
હાલરડાં સાથે ઘડતર માની યાદ આવે છે.
હઠ કરીને હું જે માંગુ તે હસતાં હસતાં આપે,
મમતા વૈભવ નવતર માની યાદ આવે છે.
જિંદગીભર પેટે પાટા બાંધી સંતાનો મોટા કર્યા,
મુશ્કેલીનું જે ગણતર માની યાદ આવે છે.
મા તો છે દયાવાન અને વાત્સલ્યની સાક્ષાત દેવી,
મા છે ઈશ્વરનું સાક્ષાત અંતર માની યાદ આવે છે.
**-દિનેશ નાયક 'અક્ષર' (સરડોઇ)**

---

## 'મા' તારાં પગલે



વાત્સલ્યની મૂર્તિ બની વહાલ તું વરસાવતી,
કરૂણાનીદાત્રી બની આશ્રય સૌને અપાવતી,
સહનશીલતાની મૂર્તિ તું ઢાલ બની બચાવતી,
અન્નપૂર્ણાની દેવી તું મધુર ભોજન પકાવતી,
મમતાનીમૂરત બની સ્નેહથી સૌને જમાડતી,
કુશળ ગૃહિણી તું ઘરની ધરોહરસંભાળતી,
સ્ત્રી છે તું બબ્બે કુટુંબને લાગણીથી જોડતી,
સુખે-દુઃખે સમ રહેવાની કોશિશ સદા કરતી.
બાળનાં રક્ષણ કાજે પ્રભુનેહરપળપ્રાર્થતી.
મા, શું કહું તને ! તું તો વહાલની સરિતા છો !
મા, હું પણ તારાં પગલે ચાલી,
મા બનીને જીવનનાં બધાં કિરદારનિભાવતી.
**-પૂર્વી સુનીલ પટેલ. 'ઈશાની' (વલસાડ)**

---



હેતના નીરથી ભીંજવે એક મા,
ઘાવને સ્પર્શથી રૂઝવે એક મા.
આંગણું, પારણું, ઓરડો ખૂશ છે,
રોજ સૌને સમય ફાળવે એક મા.
શિશુને રોજ એ કૈં નવું શીખવે,
એકડો ઘૂંટતા શીખવે એક મા !
ઘર અહીં બાગ છે, મા અહીં ફૂલ છે,
નિત્ય સુવાસ જો ઠાલવે એક મા!
એક મા ખૂબ વિશાળ છે એટલે,
ઘર સમા વિશ્વને સાચવે એક મા !
**-હરીશ જસદણવાળા (રાજકોટ)**

---

## ॥ મા ॥



મા તો ઈશ્વર સમ થઈને મળી,
સર્વ બાધાઓએથીજ ટળી છે.
જીવન, તાપ કે મુશળધાર વર્ષા,
છત્ર કવચ થઈ જન્મે જ મળી છે.
મોક્ષની બાળકને ક્યાં કઈ પડી,
મોક્ષથી મીઠી એણે ચૂમીઓ ભરી છે.
યાદ જ્યારે પણ મા તારી થઈ આવી,
આંખમાં ગંગાજળ, તું વહેતી મળી છે.
મા મંત્ર આ જગમાં છે સૌથી મોટો,
આવે દોડી, સાધના સર્વ ફિક્કી પડી છે.
**-ભરતસિંહજેઠવા (કચ્છ)**

---


## જનનીનું નામ જોડશે કોણ?



માનું નામ તો કહેવાય માનભર્યું નામ,
રામ કૌશલ્યા નામ લખશે કોણ રામ?
આપ્યું જગતમાં જનનીએ પુત્રનું નામ,
પોતાનાં નામ સાથે જનનીને જોડશે કોણ?
દેવકીનો છે દ્વારકાધીશ પર ઘણો ઉપકાર,
દેવકી નંદન કાન કહેવા પહેલ કરશે કોણ?
પૂર્યો પુત્રનો ઉદરમાં માતાએ પ્રાણ,
માનાંઋણનાં હપ્તા ચૂકવશે કોણ?
પિતાનો હોય ભલેનેઅંગમાં અંશ 'દીપ',
પરંપરા તોડી માતાને આગળ ધરશે કોણ?
**- દિપકભાઈમકવાણા 'દીપ' (ભાવનગર)**

---

## શીર્ષક - મારી મા



વહી ગયાં વર્ષો તને અહીંથી ગયાને,
વહી ગયો સમય રેતની જેમ સરકીને,
વહેતી રહી યાદો નદીના પ્રવાહની જેમ,
'મા' તું ના ભુલાઈ ક્યારેય એક રતીભર!
દરેક કામમાં ઝાંખી થયાં કરે તારી!
દરેક ભોજનમાં તારો સ્વાદ અનુભવું!
ડગલે ને પગલે હું તને જ નિહાળું!
અત્ર, તત્ર, સર્વત્ર સઘળે તને જ હું પામું!
સમય પણ લાચાર 'મા'ની યાદ આગળ!
ઈશ્વરેયઅધૂરો 'મા'ની મહાનતા આગળ!
નહિ જડે જગમાં જોટો 'મા' તારાં જેવો!
પ્રેમની પૂતળી આગળ પરમાત્મા પણ નમતો!
ક્યારેક ઉથાપી હશે વાત મેં તારી માવડી!
ક્યારેક રડાવી હશે નાની એવી વાતે માડી!
ના જાણી શકી મૂલ તારાં અસ્તિત્વનાં,
ના તાગી શકી નિઃસ્વાર્થ સ્નેહ ભરેલું હૈયું,
પળે પળ બની છે તારું અમૂલ્ય સંભારણું,
ક્ષણેક્ષણ થાય એહસાસ મૌન તર્પણનો,
આજે ય સાવ અધૂરી તારાં વગર હું 'મા'!
નથી રહેવાતું જીવંત તને ગુમાવીને!
**-પ્રફુલ્લા 'પ્રસન્ના'(અમદાવાદ)**

---

## મારી મા



તનમાં હૃદયનાં તારનો ધબકાર છે મારી મા,
પ્રાણો ટકે એ શ્વાસને ભરનાર છે મારી મા.
ગમની કરચલી ક્યાં મુખેસજવા દે છે મને ?
અણમોલ મીઠા સ્મિતને ઘડનાર છે મારી મા.
મા લાગણીના ધોધનું અણમોલ સત રત્ન છે,
હર હર ક્ષણે એ હેતનેસજનાર છે મારી મા.
જોજન દૂરી હો ભલે ઢાલ કાયમ બને,
મમ કોડને શક્ય તો કરનાર છે મારી મા.
ક્યારેય ના અર્પી શકું એ ઋણનાંમોલને,
ઈશ્વરથી તો અણમોલ કિરદાર છે મારી મા.
**-પારૂલ ત્રિવેદી"પારુ" (હિંમતનગર)**

---

## તું હી હૈ ભગવાન



માઁ તું હી મેરા તીર્થ હૈ, તું હી હૈ મમ ભગવાન,
તું હી હૈ ગુરુ ,ઔર તું હી મેરી પહેચાન,
અડસઠ તીરથ ઘુમકે આયા, માઁ તુજ દર્શન કી આશ,
આકર ખડા નિજ દ્વાર પે ,, દીઠી સકલ જગત કી માત
બહોત કષ્ટ સહાતુમને, તું હી હૈ સર્જન હાર,
જીત હમારીચાહતી સદા, પસંદ નહી તુજે હાર
તું હી શિક્ષક,તું હી હૈ ડોક્ટર હૈ તુજ મે સબ અવતાર,
કૃપા તેરીબરસેમૈયા, 'રાજ' રોક શકે ન કિરતાર
**-રાજેશભાઈ એસ વ્યાસ 'રાજ' (મોરબી)**

---

## મા..



વ્હાલપનો દરિયો છે જેનાં બે નયન,
બોલો,કેમ લખું? એ મા પર હું કવન.
ઝેર પચાવી લઈ દુનિયાનાં સઘળાં,
કાયમ હસતું રાખે છે માત, વદન.
જોખમ ઉઠાવી ખુદની જાનનું એ,
નવ માસ સુધી બાળકનું કરે છે જતન.
ભૂલી જાય પ્રસૂતિની પીડા પળમાં,
સાંભળતી જ્યાં બાળનું એ પ્હેલું રુદન.
શ્વાસે શ્વાસે ધબકે છે માનો પ્યાર,
માની મમતાનું રૂણી છે આખું જીવન.
**-નિરંજન શાહ 'નીર'(ગાધીનગર)**

---

## માં તું જિંદગી છો તુંજ જીવન બંદગી છો



માં તને સાદર નમન મારી શ્રધ્ધા અર્પણ
માં બધું ભૂલી શકું છું હું બસ તને નહીં,
મારી મુસ્કુરાહટ ની વજહ માં તુંજ છો,
મારા તરવરાટ ની વજહ માં તુંજ છો,
મારી હંસી ખુશી ની વજહ માં તુંજ છો,
મારા સ્વાસ્થ્ય ની વજહ માં તુંજ છો,
મારી સશક્ત મન ની વજહ માં તુંજ છો,
આજ હું જેપણ છું માં વજહતુંજ છો,
મારી સફળતા ની વજહ માં તુંજ છો,
માં તું મારૂ જીવન છો તું મારૂ ઉપવન છો,
તું મમતા ની મૂર્તિ છો ક્ષમતા ની પૂર્તિ છો,
માં તું ખુબ પ્યારી છો તું સૌથી ન્યારી છો,
માં તું સ્નેહ નું ફૂલ છો આનંદ નું મૂળ છો,
માં તું જિંદગી છો તુંજ જીવન બંદગી છો,
**-જય હો બિપીન જોશી (રજકોટ)**

---

## 'મા'



જવાબદારી અનેક પણ પાત્ર એક જ 'મા',
સભ્યો અનેક પણ ઘરનું ઘરેણું એક જ 'મા'.
ભરપૂર વહાલને સ્મિત નો દરિયો છે 'મા',
આંસુનો કિનારો ને સહનશીલતાની મુરત 'મા'.
પિતાનો ધબકારો 'મા', દીકરાનો હાશકારો 'મા',
દીકરીનો સથવારો 'મા', પરિવારનો ઉજાસ 'મા'.
સંસ્કારનો પાઠ 'મા', હુંફ નો ખોળો 'મા',
પ્રેમનો પર્યાય મા', લાગણી નો દરિયો 'મા'.
સુખની અનુભૂતિ 'મા', મમતાની મૂર્તિ 'મા',
સૃષ્ટિ નો ઉપહાર 'મા', ભગવાન નો અવતાર 'મા'.
**-નિતેશ પ્રજાપતિ "નિહર્ષ" (રાજકોટ)**

---



હા મા થકી છું હું ! એણે પકડી, હાથ ચલાવી,
આંખ ખોલી,આંખ પરોવી, ઝીલતાં જીવનને,જીરવતાં શીખવ્યું .
મારાં ચડતાં, પડતાં ,આખડતાં વલોવી જાતને મનોમન એણે
કોણીથી,ગુસ્તાથી,ચમાલ ધમાલચપાટ ચીંટી ચોંટીયે ,
આંખ ખોલી,આંખ પરોવી,
ઝીલતાં જીવનને જીરવતાં શીખવ્યું.
'આલે લે લે મારું બચ્ચું' પડી ગયું?
'જો કીડીની મા મરી ગઈ 'વાત ફેરવી-તોળી શીખવ્યું ,ચઢતાં પડતાં આખડતાં! જીવનનાં સરાણે,
પ્રથમ જન્મથી જીવનાં જોખમે નવ સર્જન રે કીધું .
આંખ ખોલી આંખ પરોવી
ઝીલતાં જીવનને જીરવતાં શીખવ્યું.
ઝઝૂમી જિંદગી ઝંઝાવાતે વલોવી જાતને મનોમન એણે સૃષ્ટિને સર્જન ધરી દીધું. તારાં ધોલ ધપાટ ને ચીંટીયા મિટીયાથી નો'તી હું બીતી,
હા, હું રોતી'તી , કાને પકડી વાંકી વાળી દાબી પીઠે કોણી,
ધબાક ધમ ધમ ધોકા તારાં
સબાક સોટી ખાતી મસ્તી તોફાન જીવન દરિયે ચપાટ ચીંટીચોંટિયે
આંખો ખોલી આંખ પરોવી
ઝીલાતાં જીવનને જીરવતાં હું શીખી ,
ઝઝૂમી જિંદગી ઝંઝાવાતે સૃષ્ટિને સર્જન ધરી દીધું .
મારી મા!તું પરમકૃપાળુ , તું છે મારી જગદંબા, બહુચરા,મા કાળી સંસ્કારે રંગે રૂપે માવડી મધુરી તું છો મારી.
**-મુક્તિદા કુમાર 'મનચલી'(મુંબઈ)**

---



એક એવી ઉષ્મા જેના વિના થીજી રહ્યો છું.
સદા, સતત હું તેના સ્મરણમાં ઝૂરી રહ્યો છું.
નિરાંતનીનીંદરજ્યારેય આવી જાય કદીક,
લાગે ત્યારે કે 'મા'ના જ ખોળે ઉંઘી રહ્યો છું.
માળા ફરે ભલે રામ, કૃષ્ણ કે શિવના નામની.
ફરતા દરેક મણકે નામ 'મા'નું જાપી રહ્યો છું.
તું જ છે મમતાનો પર્યાય આખાય જગતમાં.
તારી કરુણાનો તાગ આજે હું પામી રહ્યો છું.
કોણ કહે છે કે હવે 'મા' નથી રહી દુનિયામાં.
એના આશિષથી તો 'સનમ' જીવી રહ્યો છું.
**-મુકુલ દવે 'સનમ'.(અમદાવાદ)**

---



જીવના ઉદ્ધાર માટે છે જરૂર માની સદા.
સ્નેહ ને સંસ્કાર માટે છે જરૂર માની સદા.
જે સતત સાહસ કરે સંસારના સમરાંગણે,
સ્વપ્ન હો સાકાર માટે છે જરૂર માની સદા.
મન વચન ને કર્મથી દઈ પ્રેરણા એ નિખરે,
વિશ્વના આધાર માટે છે જરૂર માની સદા.
ખુદને ઓગાળીને પ્રસ્થાપિત કરતી એ ફરી,
માનવી આકાર માટે છે જરૂર માની સદા.
આપણા વ્યક્તિત્વ ઘડતરમાં અભિવૃદ્ધિ કરે,
'શિલ્પ'નાં નિખાર માટે છે જરૂર માની સદા.
**-શિલ્પા શેઠ 'શિલ્પ' (મુંબઈ)**

---



ના, જરા પણ એવું ના વિચારતી હું ખુશ નથી,
ખુશ રહું છું પણ ખુશીઓ વાંઝણી લાગે છે મા.
હા સમય સાથે બધું થાળે જ પડતું હોય છે,
પણ સમયને મારી સાથે દુશ્મની લાગે છે મા.
એમ વલખાં મારું પાણી બહાર જાણે માછલી,
હું જે રીતે જીવું છું એ વાજબી લાગે છે મા?
છતાં
જોઈ લે મારા વગર તું એકલી લાગે છે મા
**-દીપક ઝાલા 'અદ્વૈત' (નૈરોબી)**

---



જન્મ દેનારી હૃદયથી કેટલું પીડાય છે ,
રોઈ રોઈ હાય રે ઘરડા ઘરે પસ્તાય છે .
ના મહેલો જોઈએ કે ના બીજું સુખ જોઈએ ,
દિકરાનાં સુખ ખાતર જિંદગી જીવાય છે .
શું કમી એવી રહી ધાવણ મહી એનાં કહે ?
બુંદ પાણી કાજ આજે ઘૂંટડે તરસાય છે .
ભગ્નદિલની આ વ્યથા કોને કહું 'ચાતક' કહો ?
ગાયની માફક ખરેખર લાગણી કતરાય છે .
**-ગફુલ રબારી "ચાતક"(બારેજા)**

---


## મારી મા'



વ્યોમ થી પણ વિશાળ તારું મન,
ગાગરમાં સાગર સરખો તારો પ્રેમ,
ગંગાજળથી પણ નિર્મળ તારો પ્રેમ,
ખળ ખળ વહેતા ઝરણાં સરખો,
સતત વહેતો તારો અખૂટ સ્નેહ,
સંસ્કાર અને શિક્ષણ દેનાર ગુરુ તમે,
તમારા વિના જીવનમાં લાગે વડવાગ્નિ,
તમારા વિના જીવન છે મૃગજળ સમાન,
જેને કાજ સદી ત્યાગી,
ક્ષણ જીવવાનું મન થાય,
જેને કાજ પ્રભુ પણ છોડે વૈકુંઠ ધામ,
એ તમે જ તો છો,
'મારી માઁ'
**-પ્રિયંકા કટારીયા,''સરગમ''( સૂરત)**

---

## 'મા'



પાવન પ્રીતનું ઝરણું મા છે, પાવન પ્રીતનું ઝરણું.
ખળખળ વ્હેતું એ ઝરણું મા છે,
ખળ ખળ વ્હેતું ઝરણું ...પાવન પ્રીતનું ઝરણું
ડૂબું ત્યારે એ જ બચાવે, બની પ્રીતનું તરણું.
અંધારામાં મારગ ચીંધે
આસમાની ચાંદરણું ... પાવન પ્રીતનું ઝરણું
અંબા સ્વરૂપા મા છે મારી, દુર્ગા સ્વરૂપા મા છે.
વિદ્યા દાયીની મા છે મારી,
લક્ષ્મી સ્વરૂપા મા છે...પાવન પ્રીતનું ઝરણું
શીશ નમાવું ચરણે એને, આશિષ એ વરસાવે.
કરી ગાલ પર મેશનું ટપકું,
બુરી નજરથી બચાવે...પાવન પ્રીતનું ઝરણું
પંપાળે છે પુચકારે છે, હાલરડું સંભળાવે.
છેડો ઢાંકી પડખે લઈને,
અમૃત પાન કરાવે...પાવન પ્રીતનું ઝરણું
**-દેવેન્દ્ર જોશી (વડોદરા)**


---



રાગ સમય મારો સાધજે વ્હાલા..
માડી મારી પડખે તું રહેજે,
ડગલે પગલે મારગ દેજે..
જીવન પથમા થાકું હું જ્યારે,
આવી ઝાલી લેજે હાથ,
બાળુડાને ઓછું ના આવે...
એવો દેજો સરદાર સાથ(૨)
કદી અમથી દૂર ન રે'જે...
ડગલે પગલે મારગ દેજે.
સુરજના તાપો જાતે વેઠીને,
ચાંદની જગમાં રેલાવી(૨)
ધૂપસળી થઈને પ્રસરી ગયા,
જગમાં સુવાસ એવી ફેલાવી.
હરી કેરા ચરણોમાં રહેજે...
ડગલે પગલે મારગ દેજે.
જીવતરને માડી એવું દીપાવ્યું,
જીવનને ધન્ય બનાવ્યું (૨)
હાથ હરિનો ઝાલીને ચાલ્યાં,
મૃત્યુને મંગળ બનાવ્યું.
એવો રૂડો વારસો દેજે...
ડગલે પગલે મારગ દેજે.
**-નારદી પારેખ 'નંદી (મુબઈ)**

NEWS OF GANDHINAGAR_P-3

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




વિષય : માતૃદિવસ
પ્રકાર : પદ્ય
શીર્ષક : મા
નામ : પલ્લવી જોશી. સરિતા વડોદરા

મા

મા તુજ થકી આ દુનિયામાં આવી હું,
તારા ખોળે નીંદર માણવા
આવી હું....
મા તારો હાથ ઝાલી ચાલતી
થઈ હું,
તારા આંગણાની શોભા બની
આવી હું....
મા તુજ દવા આપે ને તુજ
દુવા માંગે,
મા જીવનનો આધાર બની
આવી હું....
મા તારી યાદ પળ પળ
આવે મુજને,
મા તારી સાથે જીવવા
આવી હું....
મા તારા નયન છલકે છે
અવિરત,
મા તારા આંસુ લૂછવા
આવી હું....
મા તારા ચીંધેલા માર્ગે
ચાલતી રહીશ,
મા તારા દુ:ખની ભાગીદાર
થઈ આવી હું....
મા તારા જીવનમાં ફૂલ બની
મહેંકીશ ,
મા તારા બાગની ફોરમ બની
આવી હું....
મા તારા અંતિમ શ્વાસ સુધી
સેવા કરીશ,
મા તારી સાથે પડખે ઊભી રહેવા
આવી હું....
મા તને વૃધ્ધાશ્રમ કદી નહિ
બતાવું હું,
તારા દીકરો ને દીકરી થઈ
આવી હું....
તારા જીવનમાંથી પતઝડ
બાદ કરી,
મા તારા જીવનની વસંત
થઈ આવી હું....
પલ્લવી જોશી. સરિતા, વડોદરા.

---

વિષય:-સમતોલન
શીર્ષક:-જીવનમાં સમતોલનની અગત્યતા
શબ્દસંખ્યા:-૧૮૦.
લેખકનું નામ:- રતીલાલ વાયડા
રચના:-

જીવનમાં દરેક ક્ષેત્રમાં સમતોલનની ખાસ જરૂર છે. અતિશય કોઈપણ વસ્તુ એ ત્યાગવા યોગ્ય છે . વધુ પડતો કોઈ પણ વસ્તુનો ઉપયોગએમાણસના જીવનને નુકસાન કરે છે. ખાવા પીવા સંબંધોમાં તેમજ જીવનના દરેક ક્ષેત્રમાં સમતોલનનું ખાસ મહત્વ છે. વધુ પડતું ખાવાથી શરીરને નુકસાન થાય છે. કુટુંબ અને સમાજના વ્યક્તિઓની સાથે સંબંધોમાં પણ જો સમતોલન રાખવામાં આવે તો જ યોગ્ય સંબંધો સારી રીતે જાળવી શકાય છે. જો આમ ન થાય તો જાના દૂઝીથી થાય છે અને સંબંધોમાં તિરાડ પડે છે. શિક્ષણ મેળવવામાં વેપારમાં ધંધામાં નોકરીમાં આપણે દરેક ઠેકાણે સંતુલન રાખવું પડતું હોય છે .જો આવું ન થાય તો વ્યક્તિને ઘણી બધી મુસીબતોનો સામનો કરવો પડતો હોય છે.

કોઈપણ વસ્તુ હાંસલ કરવા માટે વધુ પડતી મહેનત કરવી તેમ જ અપ્રમાણિકતાના રસ્તા અપનાવવા તે પણ નુકસાનકારક બને છે. સંબંધોમાં સમતોલન રાખવાથી જીવન આનંદથી વીતે છે . બધેની સાથે હળી મળી અને સુખપૂર્વક જીવન જીવવા માટેનું મોકો મળે છે જો તમે આમ કરતાં નથી કરો તો તમે સમાજમાંથી ફેંકાઈ જાવ છો અને અપ્રિય બની જાવ છો લોકો તમને કોઈ પણ પ્રકારનું મહત્વ આપતા નથી. ઉત્તમ જીવન જીવવા માટે જીવનમાં સમતોલન ખૂબ જરૂરી છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૯૦નો સુધારો: ચાંદીમાં રૂ.૯૨ ૩ની નરમાઈ

## કોટન-ખાંડીનો વાયદો રૂ.૩૦૦ ડાઉન: ક્રૂડ તેલમાં વૃદ્ધિ: નેચરલ ગેસ, મેન્થા તેલમાં ઢીલાશ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦,૪૧૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૨૦૮૦૨.૯ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૩૭ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૪,૦૫,૬૯૭ સોદાઓમાં કુલ રૂ.૩૧,૨૫૦.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦,૪૧૦.૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૮૦૨.૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૦૯,૨૬૪ સોદાઓમાં રૂ.૬,૯૯૭.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૨૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૪૭૦ અને નીચામાં રૂ.૬૧,૦૫૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૦ વધી રૂ.૬૧,૩૬૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૭ વધી રૂ.૪૯,૦૭૮ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૬,૧૫૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦ વધી રૂ.૬૧,૨૮૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૬,૫૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬,૬૨૦ અને નીચામાં રૂ.૭૫,૪૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૨૩ ઘટી રૂ.૭૫,૭૬૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૯૪૭ ઘટી રૂ.૭૫,૫૭૩ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૮૮૨ ઘટી રૂ.૭૫,૬૩૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૧૯૨ સોદાઓમાં રૂ.૧,૪૫૯.૯૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૪૫.૪૫ના ભાવે ખૂલી, રૂ.૯.૫૦ ઘટી રૂ.૭૩૫.૧૫ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૨૦૬.૬૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૩૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૨૦ ઘટી રૂ.૨૦૬.૯૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૮૪.૨૦ જસત-મિની મે વાયદો રૂ.૧.૯૫ ઘટી રૂ.૨૩૩.૯૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૩,૩૭૦ સોદાઓમાં રૂ.૧,૯૪૭.૨૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૦૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૪૨ અને નીચામાં રૂ.૫,૯૪૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬ વધી રૂ.૫,૯૬૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૩૯ વધી રૂ.૫,૯૬૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૯ના ભાવે ખૂલી, રૂ..૪૦ ઘટી રૂ.૧૮૦.૩૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૦.૪ ઘટી ૧૮૦.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૬.૦૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૦૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૦૨૦ અને નીચામાં રૂ.૬૧,૮૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૦ ઘટી રૂ.૬૧,૯૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૫૦ ઘટી રૂ.૯૫૫.૮૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૩૨.૫૪ કરોડનાં ૩,૯૭૦.૮૫૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૫૬૪.૮૧ કરોડનાં ૬૦૧.૧૮૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૨૨.૧૩ કરોડનાં ૧૭,૦૨,૫૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૯૨૫.૧૨ કરોડનાં ૫,૦૭,૬૨,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૨૩.૫૭ કરોડનાં ૧૦,૮૦૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૦.૬૫ કરોડનાં ૨,૭૫૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૪૦.૫૨ કરોડનાં ૧૧,૩૯૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૪૫.૨૧ કરોડનાં ૧૪,૭૧૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૪૬ કરોડનાં ૭૨૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧.૫૯ કરોડનાં ૧૬.૫૬ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૫૪૪.૯૫૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૦૪.૫૨૫ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૦૮૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૫૬૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૫૯૭ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૩૮૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૬,૦૬,૭૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૪૦,૮૦,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૬,૩૬૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૭૭.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૬.૯૨ કરોડનાં ૪૪૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૮૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૬૭૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૬૮૯ અને નીચામાં ૧૬,૫૭૫ બોલાઈ, ૧૧૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫ પોઈન્ટ ઘટી ૧૬,૬૬૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૦૮૦૨.૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૪૧૩.૦૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૬૧.૩૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૬૪૦૩.૨૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૪૨૨.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૧૮.૪૫ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૧૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૯.૩૦ અને નીચામાં રૂ.૯૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭.૪૦ વધી રૂ.૧૦૩.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૨૦ અને નીચામાં રૂ.૭.૯૦ રહી, અંતે રૂ.૦.૨૦ ઘટી રૂ.૮.૭૫ થયો હતો. સોનું મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭૯.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૨૨ અને નીચામાં રૂ.૫૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૮ વધી રૂ.૭૫૩.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮૧ ખૂલી, ઊપરમાં રૂ.૭૯૯.૫૦ અને નીચામાં રૂ.૫૫૫.૫૦ રહી, અંતે રૂ.૩૭ વધી રૂ.૭૩૭ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૨૩૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૨૭.૫૦ ઘટી રૂ.૧,૮૪૧ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૪૭૭ના ભાવે ખૂલી, રૂ.૪૫૪ ઘટી રૂ.૨,૦૪૪ થયો હતો. તાંબુ મે રૂ.૭૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૫૪ વધી રૂ.૩.૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૧૮.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૫ અને નીચામાં રૂ.૯૮.૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧.૪૦ ઘટી રૂ.૧૩૨.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૧૦ અને નીચામાં રૂ.૬.૯૫ રહી, અંતે રૂ.૦.૧૦ વધી રૂ.૮.૩૦ થયો હતો. સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭૯ અને નીચામાં રૂ.૧૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫.૫૦ ઘટી રૂ.૧૪૨ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૫ અને નીચામાં રૂ.૧૪૦ રહી, અંતે રૂ.૨૩.૫૦ ઘટી રૂ.૧૫૪ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૨૦ના ભાવે ખૂલી, રૂ.૪૩૫ વધી રૂ.૨,૦૨૮ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૦૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૧૫.૫૦ વધી રૂ.૧,૯૫૬ થયો હતો.

# એ સનદીને ભારતરત્ન એનાયત કરો!!!

ભગવાનની લીલા અપરંપાર છે. ભગવાનની લીલા ન્યારી છે. તેની લીલા અકળ છે. ભગવાનની લીલાનો તાગ ઋષિમુની, જ્ઞાની, વિદ્વાનો પામી શકયા નથી તો મુજ જેવા પામરનું શું ગજું છે?

પ્રભુ જળ હોય ત્યાં સ્થળ કરી દે છે અને સ્થળ હોય ત્યાં જળ કરે છે. મયદાનવ કરતાં પણ પ્રભુ માયાવી સ્થપતિ છે. ટાપુને પાણીમાં ગરકાવ કરી નાંખે અને જળમાં દ્વીપ ઉપસાવી નાંખે. સમુદ્રનું આટલું બધું પાણી ક્રેઈન કે ટેક્રોની મદદ લીધા સિવાય આકાશમાં વિના મૂલ્યે ઉદવહન કરે છે. બે વાદળોને ઘસીને કરોડો મેગાવોટ વીજળી પાઈ પૈસાના ખર્ચ વગર જનરેટ કરે છે!!રેફ્રીજરેટરની મદદ વિના અબજો-નિખર્વ ટન બરફ બનાવી દે છે. તમને એમ થશે કે બોધિવૃક્ષ ( અરે ભાઇ આપણો પીપળો. બોધિવૃક્ષમાં પૂળો મુકોને!) નીચે બેસ્યા સિવાય આ મહાજ્ઞાન કયાંથી પ્રાપ્ત થયું? આપણે ત્યાં એક વર્ગ છે. એ ભગવદ્ગીતામાં વર્ણવ્યા મુજબના સ્થિતપ્રજ્ઞ છે. સરકારી કામોના કોન્ટ્રકટરો અનાસક્ત યોગી છે. હમણા અમદાવાદમાં

એક ફલાય ઓવરબ્રિજના નિર્માણ દરમિયાન સ્લેબ તૂટી ગયો. જબરી હોહા થઈ. કોન્ટ્રેકટરને બ્લેકલિસ્ટ કરવા, સજા કરવા માંગણી થઈ. તપાસનું પ્રહસન ભજવાયું. અંતે ઘીના ઠામમાં ઘી ઠલવાયું. મતલબ એ જ કોન્ટ્રેકટર કામ કરે છે!! આ મહાશયો એવું કામ કરે છે કે એક પણ નયા પૈસાનો ખર્ચ કર્યા સિવાય પૂરતી પબ્લિસિટી મળે છે. રોડ બનાવે કે અઠવાડિયામાં રોડ પરની ગ્રીટ/કપચી ઉખડવા માંડે. ક્યાંક ક્યાંક ડામર વાહન અને પગમાં ચોંટવા માંડે( રસ્તાના કામમાં ડામર વાપર્યો છે તેનો પુરાવો આપવાની આ શ્રેષ્ઠતમ પદ્ધતિ છે. અમુક તમુક જગ્યાએ વાસ્તુશાસ્ત્રનો દોષ- પ્રદોષ હોય કે જમીન ભારે હોય ટીકડી ટી પુલ બનાવ્યો હોય તે પુલ અગમ્ય કારણોસર ધરાશાયી થઇ જાય!!!

જયાં નદી પર કેનાલ બનાવવામાં આવી હોય ત્યાં નબળા બાંધકામ કે હલકી ગુણવતાયુકત બાંધકામ માલસામગ્રીના કારણે કેનાલમાં ગાબડાં પડતા નથી પરંતુ ચોપગા ( બે પગા ) ઊંદરોના ર કારણે ગાબડાં પડે છે. આ દેશવિરોધી અને દેશદ્રોહી ઉંદરડા પોલીસે કહેજે કરેલ લાખો લીટર દારૂ ગટગટાવી જાય છે. સાલ્લા શરાબી ઉંદરડાઓ. બકલ નંબરની ભોંડાકૂટ મેલોને દિયોર!!એક ભોંડોંમોં મેલેને હાહરા બધી ચરબી નેંકરી જાંહે!! ગુજરાતમાં લોકાર્પણ કરેલ પુલ માત્ર કલાકોમાં ધરાશાયી થયો હતો! બોલો કુદરતની લીલા જ છે ને? આપણે તો નિર્માણના નિમિતમાત્ર છીએ. કર્તા,ધર્તા, સમાહર્તા વિધાતા છે!!

બિહારના સુલતાનગંજ અને અગુઆની ઘાટ વચ્ચેના આ પુલનું નિર્માણ વર્ષ ૨૦૧૪માં શરૂ થયું હતું. જો કે, તેનું બાંધકામ ૨૦૧૯ માં જ પૂર્ણ થવાનું હતું પરંતુ હજુ સુધી તે પૂર્ણ થયું નથી.બિહારના ભાગલપુરના સુલતાનગંજમાં આશરે રૂ. ૧,૭૧૦ કરોડના ખર્ચે બનેલ અગુવાની પુલ તૂટી પડ્યો હતો. આ અકસ્માતને કારણે સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, પુલનું માળખું તૂટી પડવાથી ઘણા લોકોના જીવ બચી ગયા હતા. જો કે પુલ તુટવાનું કારણ હજુ બહાર આવ્યું નથી, પોતાની જાતને સુપરમેન અમે મને બધું આવડે છે-સ્મ્છ માનતા સનદીઓ સમાજનું ક્રિમ કહેવાય છે. હાઈલી એજયુકેટેડ અને બહુશ્રુત વિદ્વાન એવા સનદીઓ તપાસ કર્યા સિવાય તારણો તારવીને કહ્યું કે ભારે પવનને કારણે પુલ ધરાશાયી થયો હતો.ઝાંકળે પુલની કમર તોડી નાંખી. સનદીએ કેટલું મોટું સમ્યક દર્શન પ્રસ્તુત કર્યું . અલબત, તેના તર્કનાસમર્થનમાં કોઇ આધાર કે પુરાવા રજૂ ન કર્યા . એમ તો બાઇબલમાં કયાં જિસસના હસ્તાક્ષર છે.? શાયર મરીજ ફરમાવી ગયાં છે વાત હો શ્રદ્ધાની હો તો પુરાવાની કયાં જરૂર છે?કુરાનમાં કયાં પયગ્મબરની સહી છે??આ પ્રકારના બુદ્ધિના દર્શન- પ્રદર્શન માટે સનદીને મોટો ભારતરત્ન પ્રદાન કરીએ તો પણ તેમના સન્માનમાં ઊણપ કે કચાશ દાખવી કહેવાશે.તેને માટે ભવિષ્યની આવનારી પેઢીઓ આપણને હરગિજ માફ કરશે નહીં!!


-ભરત વૈષ્ણવ

# અમદાવાદમાં ૪૪ ડિગ્રી તાપમાન થતા કાંકરિયા ઝૂના પ્રાણીઓ પણ પરેશાન

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં સૂર્ય દેવતા જાણે અગનગોળા વરસાવી રહ્યા છે. ૪૪ ડિગ્રી તાપમાનમાં અમદાવાદ ખૂબ જ તપી ગયું છે. લાલચોળ ગરમીના પગલે અમદાવાદમાં લોકો તોબા પોકારી ઉઠ્યા છે. માણસોની સાથે કાંકરિયા ઝૂના પ્રાણીઓ પણ પરેશાન થઈ ગયા છે. કાંકરિયા ઝૂના સત્તાવાળા અને સ્ટાફ દ્વારા ગરમીમાં પ્રાણીઓને ઠંડક આપવાના અનેકવિધ પ્રયાસ કરાયા છે. જેમાં ક્યાંક ગ્રીન નેટ લગાવી છાંયડો આવે તેવી વ્યવસ્થા કરાઈ છે. તો અનેક સ્થળે કુલર ગોઠવીને પ્રાણીઓને ઠંડો પવન આપવામાં આવી રહ્યો છે. કેટલાક પ્રાણીઓ પર સતત પાણીનો છંટકાવ કરવામાં આવે છે. લાલચોળ ગરમીથી પ્રાણીઓને બચાવવા માટે કાંકરિયા ઝૂનો સ્ટાફ સતત માવજત કરી રહ્યો છે.

સૂર્યનારાયણના રૌદ્ર સ્વરૂપ વચ્ચે સિંહ અને અન્ય પ્રાણીઓના વર્તનમાં પણ મોટાપાયે ફેરફાર થતા હોય છે. જંગલનો રાજા સિંહ સવાર અને સાંજે ઠંડકના સમયે જ ફરતા જોવા મળે છે. જયારે બપોરે ગરમીથી બચવા છાંયાવાળા વિસ્તારમાં બેસી રહેવાનું વધુ પસંદ કરે છે. દરમિયાન આકરા તાપમાં ગીર જંગલમાંવહેતા ઝરણા અને કુદરતી પાણીના સ્ત્રોત સૂકાઈ જાય છે.વન વિભાગ જંગલી પ્રાણીઓએ કોઈ રઝળપાટ ન કરવી પડે તે માટે સતર્ક છે. એક ફેબ્રુઆરીથી જંગલ વિસ્તારમાં ૫૦૦ જેટલા પાણીના પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં ટેક્રર મારફતે પાણી ભરવામાં આવે છે. તો કેટલાક સ્થળે પવન ચક્કી અને સોલારથી ટાંકા દ્વારા પાણીના કુંડા ભરવામાં આવે છે. સૂર્યનારાયણના રૌદ્ર સ્વરૂપ વચ્ચે સિંહ અને અન્ય પ્રાણીઓના વર્તનમાં પણ મોટાપાયે ફેરફાર થતા હોય છે.



અરવલ્લી જિલ્લા ના મોડાસા ખાતે શ્રી મોડાસા પ્રદેશ બ્રહ્મ સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર નું આયોજન મોડાસા બ્રહ્મ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું . જેમાં ૧૫ બ્રહ્મ બટુકો એ યજ્ઞોપવિત ધારણ કરી હતી .આ પ્રસંગે બટૂકો ને આશીર્વચન આપવા અને પ્રસંગ ના સાક્ષી બનવા માટે સમાજ ના મહાનુભાવો શ્રી દિગ્ગેશ ભાઈ જોષી જજ હાઈકોર્ટ તેમજ ભાજપ પ્રદેશ પૂર્વ સંગઠન મંત્રી અને ગુજરાત સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા)ના સરકારી અમલીકરણ વિભાગના પ્રભારી શ્રી અતુલભાઈ દીક્ષિત મુખ્ય મહેમાન હસમુખભાઈ જોશી ડો. યોગેશભાઈ ડો. રાકેશભાઈ ડો.જીતેન્દ્રભાઈ તેમજ વિશ્વ ગુજરાતી સમાજના યુથ વિંગ અરવલ્લી પ્રભારી અને બ્રહ્મ સમાજ પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ ભાઈ દીક્ષિત હાજર રહ્યા હતા તેમજ તેમજ સુંદર યજ્ઞ પવિત્ સંસ્કાર નું આયોજન પ્રમુખ મુકેશભાઈ ભટ્ટ ઉપપ્રમુખ ઉપેન્દ્રભાઈ જોશી પ્રદીપભાઈ ઉપાધ્યાય અને પૂર્વ કોર્પોરેટર તથા મહામંત્રી અને ભાજપના આગેવાન કેતનભાઈ ત્રિવેદી તથા તેમની ટીમે ખૂબ સરસ રીતે કર્યું હતું. બટુકોને ભગવદ ગીતા, ત્રિશૂળ, સ્કૂલબેગ, વોટર બેગ, લંચબોક્સ, નોટબુક, કંપાસ, ટોપી, ડબ્બા વગેરે અર્પણ કરાયા હતા. સમાજ ના વડીલો યુવાનો મહિલા શક્તિ મોટા પ્રમાણ માં હાજર રહી પ્રસંગ ને દીપાવ્યો હતો.

### પાંચાણી ફાઉન્ડેશનનાં યોગેશભાઈ પાંચાણી દ્વારા

# ‘આયુષ્માન કાર્ડ’ માટેનો નિ:શુલ્ક કેમ્પ તારીખ ૧૪ મે, રવિવારના રોજ યોજાશે

પાંચાણી ફાઉન્ડેશનનાં યોગેશભાઈ પાંચાણી દ્વારા અવારનવાર વિવિધ સેવાકીય પ્રવૃતિઓ થતી રહે છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરવા માટે ઘણી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આમાંથી એક ‘આયુષ્માન ભારત યોજના’ છે. જે હવે ‘આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી યોજના‘ તરીકે ઓળખાય છે. યોજના દ્વારા આયુષ્માન કાર્ડ બનાવવામાં આવે છે, જેના દ્વારા જેની પાસે આયુષ્માન કાર્ડ હોય તેવી વ્યક્તિ પસંદગીની હોસ્પિટલોમાં ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મેળવી શકે છે. ઘણી વખત દર્દી નારાયણ અને દરિદ્ર નારાયણ પાસે આયુષ્યમાન કાર્ડની માહિતી નથી હોતી અથવા માહિતી હોય તો તેઓ કાર્ડ કઢાવવાની ફી ચૂકવી શકતા નથી આ માટે પાંચાણી ફાઉન્ડેશન દ્વારા ‘આયુષ્માન કાર્ડ’ નિ:શુલ્ક કાઢી આપવામાં આવે છે. આ નિ:શુલ્ક આયુષ્યમાન કાર્ડ કાઢવાનો કેમ્પ ૧૪ મે રવિવારે સવારે ૮:૩૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી સુવર્ણભુમી એપાર્ટમેન્ટ, દુકાન નંબર ૦૬ બીજો માળ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, નાનામોવા, રાજકોટ ખાતે રાખવામાં આવ્યો છે. આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે કુટુંબનું રેશન કાર્ડ (રેશનકાર્ડ બાર્કોડેડ તથા લિંક કરેલું હોવું જોઈએ), કુટુંબના મુખ્ય વ્યક્તિનું આધારકાર્ડ, મામલતદાર તરફથી મળેલ કુટુંબનો આવકનો દાખલો, ફોર્મ અને ફોટો, રેશનકાર્ડની નકલ, અરજદારનું આધારકાર્ડ, અરજદારનું ચૂંટણીકાર્ડ, આવકનો આધાર : ઈક્રમ ટેક્સ રીટર્ન ફાઈલ કરતા હોય તો તેની નકલ અને ન કરતા હોય તો કોર્પોરેટરનો દાખલો, પેન્શનરના કિસ્સામાં તિજોરી કચેરીનું પેન્શન સ્ટેટમેન્ટ, સરકારી નોકરીયાતના કિસ્સામાં ફોર્મ નં ૧૬, પ્રાઈવેટ નોકરીમાં આખા વર્ષની ઈનકમ કંપનીના લેટર પેડ પર, સેલ્ફ ડિકલેરેશનની જરૂરીયાત છે. કેમ્પ માટે રેશનકાર્ડમાં જેનું નામ મુખ્ય હોય તેમણે જ આવવાનું છે. આ કેમ્પ ફક્ત નવા કાર્ડ માટે જ છે સાથે રાખવાની રહેશે. આ કેમ્પનો લાભ મેળવવા અગાઉ રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન તા. ૧૩ મે, શનિવારે સાંજનાં ૭ વાગ્યા સુધીમાં (મો. ૯૮૨૪૨૧૨૪૬૦) પર ફોન મારફત કરાવી લેવા યોગેશભાઈ પાંચાણીની યાદીમાં જણાવાયું છે.




બેંકો માં એવા કરોડો રૂપિયા પડ્યા છે જેનું કોઈ જાણે માલિક જ નથી..?

# પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કમળાબહેન કાનાભાઈ ગરાસિયા ને મળ્યું પોતાનું ઘર

માહિતી બ્યુરો અરવલ્લી

અરવલ્લી જિલ્લાના ધનસુરા ગામની પ્રધાનમંત્રી આવાસ કોલોનીમાં રહેતા કમળાબેહેન કાનાભાઈ ગરાસિયા વિધવા હોવાથી એકલા રહે છે,અને સરકારશ્રીની પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તેમને મકાન મળતા સરકારનો આભાર માને છે. કમળાબહેન પહેલા ઝૂંપડામાં રહેતા હતા અને એકલા નિર્વાહ કરવામાં અંત્યંત સંઘર્ષ કરવું પડ્યું હતું. ત્યારબાદ તેમને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન મળ્યું છે અને હવે સુખેથી જીવનનિર્વાહ કરે છે.પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવા અનેક પરિવારોને ઘર મળ્યા છે,



તેમના સંઘર્ષભર્યા સમયમાં કેન્દ્ર સરકાર અને રાજયસરકાર વ્હારે આવી છે. અને ઘરવિહોણા અને જર્જરિત મકાનમાં રહેતા અનેક પરિવારો આજે પાકા મકાનમાં રહેતા થયા છે ને સુખભર્યા દિવસો પસાર કરી રહ્યા છે અને સરકારશ્રીનો આભાર માને છે. રાજયમાં ગરીબીરેખા નીચે જીવતા તેમજ સુવિધાથી વંચિત કુંટુબોને ગરીબીરેખા ઉપર લાવવા અને પાયાની સુવિધા સાથે સ્વમાનભેર જીવન ગુજારવાનો અને પગભર કરવાના શુભ આશય સાથે સરકારશ્રી દ્વારા ગ્રામીણ વિકાસ મંત્રાલય અંતર્ગત પ્રધાન મંત્રી આવાસ યોજના(ગ્રામીણ) જેવી અનેક મહત્વકાંક્ષી યોજના અમલમાં મુકેલ છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ કાર્યરત પ્રધાન મંત્રી આવાસ યોજનાનો મુખ્ય આશય જે પરિવારોના ઘર નથી, અથવા કાચા અને જર્જરિત મકાન છે તેઓને આવાસ નિર્માણ હેતુથી સહાય આપવાના છે.

## સંભળાશે

કાન સરવા રાખશો તો,
વાયરાનું વાદ્ય સંભળાશે.
એક એક પુષ્પ હાજર છે,
પુષ્પોનું પદ્ય સંભળાશે.
એમની આંખોમાં શું છે?
નયનોમાં મદ્ય સંભળાશે.
ખળખળ ખળખળ વહે છે,
સમયનદીનું ગદ્ય સંભળાશે.
કયામતની રાહ શું કામ જુએ,
ગુનાનો નાદ સદ્ય સંભળાશે.
-ભરત વૈષ્ણવ

# તમારા પરિવારના એક સભ્યનું મોત થશે, વિધિ કરાવો તો બચશે‘ કહી ભૂવાએ મહિલા પાસેથી પડાવ્યા ૩૨ લાખ !

(એ.આર.એલ),રાજકોટ, તા.૧૧

રાજકોટ સહિત ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી બનાવટી ભૂવાઓ દ્વારા ભોળા લોકોને ધૂતી લેવાના કિસ્સાઓ વધી રહ્યા હોય હવે સાચા ભૂવા કોણ અને ખોટા કોણ તેને લઈને ભાવિકોમાં ગજબ ગડમથલ જોવા મળી રહી છે. આવો જ વધુ એક ચોંકાવનારો કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો છે જેમાં ભૂવાએ એક મહિલાને ‘તમારા પરિવારના એક સભ્યનું મોત થશે, વિધિ કરાવો તો તે બચી જશે‘ તેમ કહીને ૩૨ લાખ પડાવી લેતાં સનસનાટી મચી જવા પામી છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના અનોડિયા ગામમાં દલપતસિંહ ભૂવાજીનો આવકાર ધામ નામે આશ્રમ આવેલો છે. અહીં એક પાખંડી ભૂવાએ ઘરની આર્થિક સ્થિતિ સુધારી આપવાનો તેમજ ઘરમાંથી છૂપું ધન શોધી કાઢવાનો અને પરિવારજનના મૃત્યુનો ડર બતાવી એક મહિલાને વિશ્વાસમાં લઈ લીધી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.